| | |
|---|---|
| રજૂ તારીખ | |
| દાખલ તારીખ | |
| ફેસલ તારીખ | **૧૮/૦૪/૨૦૨૬** |
| સમયગાળો | |
| વર્ષ – માસ – દિવસ– | |

**આંક :**

**FORM-A**

| | |
|---|---|
| **ખેડા જીલ્લાના મે. બીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુકામ : નડીઆદ.** <br> **(શ્રી પી.એમ.ત્રિવેદી સાહેબ, સેશન્સ જજ )** | |
| **ચુકાદાની તારીખ : ૧૮/૦૪/૨૦૨૬** <br> **સેશન્સ કેસ નં. ૧૦/૨૦૨૧** <br> **ગુનો : નડીયાદ રૂરલ** પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૩/૨૦૧૯, ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૬, ૧૧૪. | |
| **ફરીયાદી** | **સ ર કા ર શ્રી,** <br> **કૌશલભાઈ ગોવિંદભાઈ રબારી,** <br> રહે.રત્નરાજ ફ્લેટની બાજુમાં, <br> જોલી હેર કટીંગ પાસે, રીલાયન્સ મોલ સામે, <br> પેટલાદ રોડ, તા. નડીઆદ, જી.ખેડા. <br> મો.નં. ૭૯૮૪૭૮૨૪૦૮. |
| **ફરીયાદી તરફે** | **વિ.એ.પી.પી.શ્રી જી.વી. ઠાકુર** |
| **વિરૂધ્ધ** | |
| **આરોપીઓ** | **(૧) લાલાભાઈ ઉર્ફે લાલજીભાઈ ગોબરભાઈ ભરવાડ,** |

| | |
|---|---|
| | **ઉ.વ. ૨૬,**<br>રહે. હાલ જલારામ મંદિર પાછળ, વિજય લક્ષ્મી સોસાયટીની બાજુમાં, કપડવંજ રોડ, નડીયાદ.<br>મૂળ રહે.બળોલ, તા. લીમડી, જી. સુરેન્દ્રનગર.<br><br>**(૨) કમલેશભાઈ ઉર્ફે કમો હરીભાઈ રબારી, ઉ.વ.૩૧,**<br>રહે. ગુણાતી જયોત સોસાયટી, મકાન નં.૬૨, પવનચકકી રોડ, નડીયાદ.<br>મૂળ રહે. બી.ઓ. રામજી મંદિર, રબારીવાસ, કાચ્છાઈ, તા. મહેમદાવાદ, જી.ખેડા.<br><br>**(૩) રોનકભાઈ ઉર્ફે લાલુ પ્રમોદભાઈ પટેલ, ઉ.વ.૩૯,**<br>રહે.૪૨, સોંદર્યવીલા, સીવીલ રોડ, નડીયાદ.<br>મૂળ રહે. શારદા મંદિર સ્કૂલ પાસે, બ્રાહમણી માતાની ખડકી સામે, લખાવાડ, નડીયાદ.<br><br>**(૪) જયકુમાર ઉર્ફે જય વસંતલાલ સોની, ઉ.વ.૩૦,**<br>રહે. રઢુ, સોનીવાડ, તા.જી. ખેડા.<br>**(૫) નિલેશભાઈ બળદેવભાઈ પ્રજાપતિ, ઉ.વ.૩૭,**<br>રહે. ૩, રામેશ્વરપાર્ક, રામેશ્વર મંદિર પાછળ, વલ્લભનગર સામે, નડીયાદ. |
| **આરોપી નં.૧ થી ૩ તરફે**<br>**આરોપી નં.૪ તરફે**<br>**આરોપી નં. ૫ તરફે** | **વિ.વ.શ્રી એમ.કે. શાહ**<br><br>**વિ.વ.શ્રી ડી.કે. રાણા**<br>**વિ.વ.શ્રી એસ.એસ. પ્રજાપતિ** |

# FORM-B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૦૬/૦૩/૨૦૧૯ |
| **એફ.આઈ.આર. ની તારીખ** | ૦૬/૦૩/૨૦૧૯ |
| **ચાર્જશીટ રજુ થયા તારીખ** | ૦૨/૦૭/૨૦૧૯ |
| **તહોમતનામું ફરમાવ્યા તારીખ** | ૨૨/૦૩/૨૦૨૧ |
| **પુરાવાની શરૂઆતની તારીખ** | ૨૬/૦૭/૨૦૨૧ |
| **તારીખ કે જેના પર ચુકાદો અનામત છે.** | ૧૮/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૮/૦૪/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો.** | |

**આરોપીની માહીતી**

| આરોપીની રેન્ક | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટવાની તારીખ | ચાર્જ ફ્રેમ કર્યા મુજબ ની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | કલમ 428,Cr.P.C. ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| | (૧) લાલાભાઈ ઉર્ફે લાલજીભાઈ ગોબરભાઈ ભરવાડ, | ૦૭/૦૩/૨૦૧૯ | જામીન મુકત | **ઈ.પી.કોડની કલમ ૩૦૬, ૧૧૪** | નિર્દોષ | | |
| | (૨) કમલેશભાઈ ઉર્ફે કમો હરીભાઈ રબારી, | ૦૭/૦૩/૨૦૧૯ | જામીન મુકત | | નિર્દોષ | | |
| | (૩) રોનકભાઈ ઉર્ફે લાલુ પ્રમોદભાઈ પટેલ, | ૦૭/૦૩/૨૦૧૯ | જામીન મુકત | | નિર્દોષ | | |
| | (૪) જયકુમાર ઉર્ફે જય વસંતલાલ સોની, | ૦૯/૦૩/૨૦૧૯ | જામીન મુકત | | નિર્દોષ | | |
| | (૫) નિલેશભાઈ બળદેવભાઈ પ્રજાપતિ, | ૨૮/૦૩/૨૦૧૯ | જામીન મુકત | | નિર્દોષ | | |

# FORM-C

## પ્રોસીકયુશન/ડીફેન્સ/કોર્ટના સાક્ષીઓની યાદી

**A. પ્રોસીકયુશન**

| રેન્ક | નામ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|---|
| PW-1 | સંદીપભાઈ વલ્લભભાઈ પટેલ | ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ | ૧૪ |
| PW-2 | કનુભાઈ ગાંડાભાઈ વાળંદ | ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ | ૧૬ |
| PW-3 | કૌશલ ગોવિંદભાઈ રબારી | ફરીયાદી | ૨૦ |
| PW-4 | ભરતભાઈ વિરમભાઈ રબારી | ફરીયાદપક્ષના સાહેદ | ૨૬ |
| PW-5 | નેહાબેન કૌશલભાઈ રબારી | ફરીયાદપક્ષના સાહેદ | ૩૨ |
| PW-6 | ધમેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | સ્યુસાઈડ નોટ તથા નોટબુક કબજે કર્યાના પંચ સાહેદ | ૩૪ |
| PW-7 | કીરીટભાઈ ગગાભાઈ તળપદા | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૮ |
| PW-8 | કીરણભાઈ બકોર તળપદા | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૪૦ |
| PW-9 | ભાવનાબેન ગોવિંદભાઈ રબારી | ફરીયાદપક્ષના સાહેદ | ૪૭ |
| PW-10 | ડો. દક્ષા જીતેન્દ્રકુમાર શાહ | હસ્તાક્ષર નિષ્ણાંત, એફ.એસ.એલ. ગાંધીનગર | ૪૮ |
| PW-11 | ગણપતસિંહ દોલતસિંહ રાજ | પી.એસ.ઓ. નડીયાદ રૂરલ પો.સ્ટે. | ૫૫ |
| PW-12 | ડો. હિરલ દશરથભાઈ શર્મા | મેડીકલ ઓફિસર, સીવીલ હોસ્પીટલ, નડીયાદ | ૬૩ |
| PW-13 | મનોહરસિંહ અજીતસિંહ વાઘેલા | ત.ક.અમલદાર, પો.સ.ઈ. નડીયાદ રૂરલ પો.સ્ટે. | ૭૦ |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ– | પુરાવાનો પ્રકાર – |
|---|---|---|
| DW-1 | નથી | નથી |

**C. કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ– | પુરાવાનો પ્રકાર – |
|---|---|---|
| CW-1 | નથી | નથી |

**પ્રોસિકયુશન/બચાવપક્ષ/કોર્ટના આંકની સૂચિ.**

**A. પ્રોસીકયુશન :**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૨ |
| ૨ | ઈન્કવેસ્ટ પંચનામું | ૧૫ |
| ૩ | મરણ જનારે લખેલ ચીઠ્ઠી (સ્યુસાઈડ નોટ) | ૨૧ |
| ૪ | મરણ જનારની હિસાબ–કિતાબની નોટ | ૨૩ |
| ૫ | સ્યુસાઈડ નોટ કબજે કર્યાનું પંચનામું | ૩૫ |
| ૬ | મરણ જનારની હિસાબની નોટબુક કબજે કર્યાનું પંચનામું | ૩૬ |
| ૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૯ |
| ૮ | મરણ જનારનું પી.એમ. કરવા માટેની પોલીસ યાદી | ૬૪ |
| ૯ | પી.એમ. નોટ | ૬૫ |
| ૧૦ | લાશ સોંપ્યાની પહોંચ | ૭૨ |
| ૧૧ | એફ.એસ.એલ.માં મુદ્દામાલ મોકલ્યાની રવાનગી પત્રક | ૭૩ |

| | | |
|---|---|---|
| ૧૨ | એફ.એસ.એલ. રવાનગી નોંધ,પત્ર | ૭૫, ૭૬ |
| ૧૩ | એફ.એસ.એલ. પત્ર, | ૭૭ થી ૭૯ |
| ૧૪ | એફ.એસ.એલ. રીપોર્ટ | ૪૯ |
| ૧૫ | એફ.એસ.એલ. પત્ર | ૫૦ |
| ૧૬ | એફ.એસ.એલ. અહેવાલ | ૫૧ |
| ૧૭ | સ્ટેશન ડાયરી | ૫૬ |
| ૧૮ | ટેલીફોન વર્ધી (એકઝી. મેજી. નડીયાદ ગ્રામ્ય) | ૫૭ |

**B. બચાવપક્ષ :**

| **અનુ.નંબર** | **આંક નંબર** | **વિગત** |
|---|---|---|
| 1 | નથી | નથી |

**C. કોર્ટથી આંક :**

| **અનુ.નંબર** | **આંક નંબર** | **વિગત** |
|---|---|---|
| 1 આંક C-1/CW 1 | નથી | નથી |

**D. મટેરીયલ ઓબ્જેકટસ :**

| **અનુ.નંબર** | **મટેરીયલ ઓબ્જેકટસ નંબર** | **વિગત** |
|---|---|---|
| 1. MO 1 | નથી | નથી |

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૬,૧૧૪ મુજબ.**

**ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી. જી.વી. ઠાકુર**
**આરોપી નં. ૧ થી ૩ નાઓ તરફે વિધ્વાન વકીલશ્રી એમ.કે. શાહ**
**આરોપી નં. ૪ નાઓ તરફે વિધ્વાન વકીલશ્રી ડી.કે. રાણા**
**આરોપી નં. ૫ નાઓ તરફે વિધ્વાન વકીલશ્રી એસ.એસ. પ્રજાપતિ**

## :: જજમેન્ટ ::

(૧) આ કામના આરોપીઓ વિરૂઘ્ઘ નડીયાદ રૂરલ પોલીસ સ્ટેશન દ્વારા ફરીયાદીની ફરીયાદ આધારે નડીયાદ રૂરલ પો.સ્ટે.ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૨૩/૨૦૧૯, ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૬,૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ નીચેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) ફરીયાદી **કૌશલભાઈ ગોવિંદભાઈ રબારી** રહે. રત્નરાજ ફલેટની બાજુમાં મુખ્ય રોડ ઉપર, જોલી હેર કટીંગ, રીલાયન્સ મોલની સામે, પેટલાદ રોડ, નડીયાદ, જી. ખેડાનાએ તા.૦૬/૦૩/૨૦૧૯ ના રોજ આપેલ ફરીયાદની ટૂંકમાં હકીકત એવી છે કે :–

૨.૧ આ કામના ફરીયાદી ઉપરોકત સરનામે તેઓના માતા–પિતા તથા પત્ની અને બાળકો સાથે રહે છે તેઓએ નડીયાદ સીવીલ હોસ્પીટલ ખાતે આવી તેઓની ફરીયાદ હકીકત લખાવેલ છે કે તેઓના પિતા ગોવિંદભાઈ વિરમભાઈ રબારી, ઉ.વ.૫૪ નાઓ નડીયાદ નગરપાલિકામાંથી નિવૃત થયેલ છે તથા હાલમાં ઘરે રહી નિવૃત જીવન ગુજરાતા હતા. વધુમાં જણાવે છે કે, આજરોજ તેઓ સવારે અગીયારેક વાગ્યાના સુમારે તેઓ પોતાના કામથી બહાર નીકળેલ તથા સાંજના છએક વાગ્યાના સુમારે મારા ઘરે પરત આવેલ ત્યારે તેઓને જાણવા મળેલ કે, મારા પિતા ગોવિંદભાઈ વિરમભાઈ રબારી, ઉ.વ.૫૪ નાઓ

આજરોજ સવારના આઠેક વાગ્યે તેઓના નિત્યક્રમ મુજબ સંતરામ મંદિર બાજુ દર્શન કરવાનું કહી નીકળી ગયેલ અને સાંજના છએક વાગ્યા સુધી પરત આવેલ નહીં. જેથી તેઓ તેમના પિતાની શોધખોળ માટે સંતરામ મં દિર તથા આસપાસની જગ્યાઓ પર ગયેલ તે બાદ ફરતા ફરતા આશરે સાતેક વાગ્યે કિડની હોસ્પીટલ પાસે પહોંચેલ ત્યાં મારા કુટુંબી કાકા નાગજીભાઈ ઠાકોરભાઈ રબારી નાઓ મળેલ તથા તેમણે મને જણાવેલ કે, '' તને તારા કાકા ભરતભાઈ વિરમભાઈ રબારી નાઓ સિવિલ હોસ્પીટલ, નડીયાદ ખાતે બોલાવેલ છે. ચાલ આપણે બન્ને સાથે ત્યાં જઈએ.'' તેમ જણાવતા હું તથા મારા કુટુંબી કાકા નાગજીભાઈ નાઓ સાથે સિવિલ હોસ્પીટલ નડીયાદ ખાતે આવેલ. જ્યાં મારા કાકા ભરતભાઈ વિરમભાઈ રબારી નાઓએ મને જણાવેલ કે, મારા પિતા ગોવિંદભાઈ વિરમભાઈ રબારી નાઓની લાશ કેરીઆવી ગામની સીમમાંથી પસાર થતી મહી કેનાલમાંથી આનંદપુરા નજીકથી મળી આવેલ છે અને મારા પિતાના પેન્ટના ખીસ્સામાંથી એક ચીઠ્ઠી (સ્યુસાઈડ નોટ) મળેલ છે. જેમાં લાલ શાહીથી લખેલ છે કે, '' નીચેના વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કરૂ છું. જેમાં (૧) લાલજી ભરવાડ, રેલવે સ્ટેશન, વ્યાજ ધંધાવાળો, (૨) નિલેષ પ્રજાપતિ, વલ્લભનગર, તલાટીનો છોકરો, (૩) કમલેશ હરજી રબારી, રેલવે સ્ટેશન, લાલજી ભરવાડના ભાગીદાર, ગામ કચ્છઈ, (૪) રોનક પ્રમોદભાઈ પટેલ, સિવિલ આગળની સોસાયટી, લખાવાડ વાળા, (૫) ખેડાનો સોની

(કાળુભાઈ રબારી, સંઘાણાવાળાનો ઓળખીતો), લિ. ગોવિંદભાઈ વિરમભાઈ રબારી, રિલાયન્સ સામે, પેટલાદ રોડ, નડીયાદ'' વિગેરે મતલબનું લખાણ લખેલ છે. જે ચિઠ્ઠીમાં લખેલ લખાણ મારા પિતાનું જ છે અને જે ચિઠ્ઠી લખેલ નામવાળા પાંચેય વ્યકિતઓને તેઓ સારી રીતે ઓળખુ છું અને તેઓએ તેમની પાસેથી પશુપાલન તથા ધંધા માટે હાથ ઉછીના પૈસા અલગ અલગ રકમ લીધેલ અને આ પાંચેય માણસો અવારનવાર મારા ઘરે મારા પિતાની હાજરીમાં આવી પૈસાની ઉઘરાણી કરવા સારૂ મને જેમ ફાવે તેમ બોલી અવારનવાર ધમકીઓ આપી દબાણ કરતા હતા તથા અમોએ લીધેલ હાથ ઉછીના પૈસા સાથે ઉંચા વ્યાજની માંગણી કરતા હતા અને અવારનવાર મારા માતા – પિતા સાથે પણ ખરાબ વર્તન કરતા હતા. જેથી આ ઉપરોકત વ્યકિતઓના ત્રાસના કારણે લાગી આવતા આજરોજ સાંજના સાત વાગ્યા પહેલા કોઈ પણ સમયે કેનાલના પાણીમાં પડી આપઘાત કરી પોતાનું જીવન ટુંકાવેલ છે. જેથી ઉપરોકત પાંચયે વ્યકિતઓ વિરૂઘ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ છે.

૨.૨ ઉપર મુજબની ફરીયાદ ફરીયાદીએ નડીયાદ રૂરલ પો.સ્ટે.માં નોંધાવતા પોલીસને તપાસના અંતે આરોપીઓ સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–**૩૦૬,૧૧૪** મુજબના ગુના કર્યાનું જણાતા આરોપીઓ સામે ઉપર મુજબના ગુન્હાનું ચાર્જશીટ નડીયાદના બીજા

એડી. ચીફ જયુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં દાખલ કરતા તેને ફોજદારી કેસ નં.**૨૪૩૨/ ૨૦૧૯** આપવામાં આવેલ. આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હો સેશન્સ ટ્રાયબલ હોય અને તે ચલાવવાની સત્તા માત્ર નામદાર સેશન્સ અદાલતને હોય વિદ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ક્રિ. પ્રો.કોડની કલમ–૨૦૯ અન્વયે સદરહું કેસ નામદાર સ ેશન્સ કોર્ટ, નડીયાદમાં કમીટ કરવાનો હુકમ કરેલો અને તે મુજબ સદરહું કેસ નામ. સેશન્સ કોર્ટમાં કમિટ થતા તેને સેશન્સ કેસ નં. **૧૦/૨૦૨૧** આપવામાં આવેલો અને નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના ઓફિસ ઓર્ડરથી તેના ન્યાયિક નિર્ણય અર્થે અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવેલો.

(૩) આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮ તળે તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ આંક–૮ થી આરોપીઓ સામે તહોમતનામું ઘડી તે આરોપીઓને વાંચી સંભળાવવામાં આવતા આરોપીઓએ તેમની સામેના ઉપરોકત તહોમતનામા મુજબનો ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતા તે મતલબનું આંક–૯ થી આંક–૧૩ સુધી જવાબ લેવામાં આવેલ છે.

(૪) આરોપી વિરૂઘ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ફરીયાદપક્ષે આરોપી વિરૂઘ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ–સી માં જણાવ્યા મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૫) આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી.ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલી છે.

(૬) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનો ક્રિમી.પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનો જવાબ લેવામાં આવેલ છે અને તેમાં આરોપી નં.૧,૨, ૪ અને ૫ નાએ પોતે નિર્દોષ છે અને તેઓ સામે ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે અને આરોપી નં.૩ નાએ જણાવેલ છે કે, પોતે નિર્દોષ છે અને તેઓ સામે ખોટો કેસ કરેલ છે અને તેઓ કાયદેસરનું નાણાં ધીરધાર કરવાનું લાઈસન્સ ધરાવે છે અને નડીઆદ નગરપાલિકામાં તેઓની રૂદ્ર ફાઈનાન્સ સંસ્થાની નોંધણી કરાવી પ્રમાણપત્ર મેળવેલ છે અને કાયદેસરના કરેલા વહેવારો બાબતે ઈન્કમટેકસમાં રીટર્ન ભરે છે અને તે બતાવવા નાણાં ધીરધારના રજીસ્ટ્રેશનની નકલ, સંસ્થા રજીસ્ટ્રેશનનો દાખલો અને ઈન્કમટેક્ષ રીટર્નની નકલ રજુ કરેલ છે.

(૭) <u>ફરીયાદપક્ષના વિ.વ.શ્રી જી.વી. ઠાકુરની દલીલ :</u>

ફરીયાદપક્ષના વિ.વ.શ્રી તરફે એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓ પાસેથી ફરીયાદીએ વ્યાજે પૈસા લીધેલ હોય તેની ઉઘરાણી

કરવા આ કામના આરોપીઓ અવારનવાર ફરીયાદીના ઘરે જઈ ફરીયાદીને અને તેના માતા પિતાને ટોર્ચરીંગ કરતા કડક ઉઘરાણી કરતા અને અમારા પૈસા આપી દો નહીં તો તમારે આ ઘરબાર વેચવુ પડશે અને અમારા પૈસા કઢાવી લઈશુ અને ફરીયાદીના પત્નીને ઉઠાવી લ ેવાની ધમકીઓ આપતા હતા જેને કારણે ફરીયાદીના પિતા મરણજનાર ગોવિંદભાઈ રબારી વધારે ટેન્શનમાં આવી જતા તેમણે વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કરેલ તે અંગેની સુસાઈડ નોટ લખેલી અને તેમાં વ્યાજ ખોરોના નામ લખેલા છે. ફરીયાદપક્ષના કેસની સદર હકીકતો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તપાસેલા ફરીયાદી, સાહેદોએ તથા ત.ક.અમલદારે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. મરણજનારે સ્યુસાઈડ કરતા પહેલા આરોપીઓના નામજોગ ત્રાસ અંગેની સ્યુસાઈડ નોટ લખેલ છે. સદર સ્યુસાઈડ નોટ મરણજનારે જ લખી છે તે બાબતે ત.ક.અમલદાર ધ્વારા મરણજનારની રાઈટીંગ છે તેની નિયમ મુજબ એફ.એસ.એલ. માં મોકલેલ છે અને એફ.એસ.એલ. રીપોર્ટમાં પણ સદર રાઈટીંગ મરણજનારની હોવાનું સ્પષ્ટ પુરવાર થયેલ છે. આમ, આ કામના આરોપીઓએ ફરીયાદીને વ્યાજે આપેલ પૈસાની અવારનવાર કડક ઉઘરાણી કરી, મરણજનારને મરવા માટે દુષ્પ્રેરણ કરેલ હોવાના કેસની હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ હોય, જેથી આરોપીઓને મહત્તમ સજા કરવા કાયદા તેમજ હકીકતની દલીલ કરેલ છે.

**<u>૭.૧ બચાવપક્ષના વિ.વ.શ્રી એમ.કે. શાહ, શ્રી ડી.કે. રાણા, શ્રી એસ.એસ. પ્રજાપતિની દલીલ :</u>**

બચાવપક્ષના વિ.વ.શ્રીઓ તરફે એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓએ મરણજનાર ગોવિંદભાઈ રબારીને વ્યાજે પૈસા આપેલ નથી જેથી આ કામના આરોપીઓએ મરણજનાર પાસે કોઈપણ પૈસાની ઉઘરાણી કરેલ હોય કે ત્રાસ આપેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદપક્ષે તપાસેલા ફરીયાદી, સાહેદોએ તેમના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે, મરણજનાર તેઓના પિતાએ આ કામના આરોપીઓ પાસ ેથી કોઈ વ્યાજે પૈસા લીધેલ નથી. ફરીયાદપક્ષના કેસની હકીકત ધ્યાને લ ેવામાં આવે તો મરણજનાર નહેરના પાણીમાં પડી સુસાઈડ કરેલ છે અને તેઓના ખીસ્સામાંથી મળેલ સુસાઈડ નોટના આધારે આરોપીઓ બનાવેલા છે. સદર સુસાઈડ નોટ મરણજનારના ખીસ્સામાંથી મળેલ હોવાનો કેસ છે પરંતુ સદર સુસાઈડ નોટ જોવામાં આવે તો તે ભીની થયેલ નથી કે તેના રાઈટીંગ સ્પ્રેડ થયેલ નથી અને ફરીયાદપક્ષના કેસ મુજબ સદર ચીઠ્ઠી મરણજનારનાર ખીસ્સામાં કોથળી પેક હતી તો પાણીમાં રહે તો બાષ્પીભવનને કારણે ચીઠ્ઠીમાં ભેજ આવે અને તેના કારણે અક્ષરો સ્પ્રેડ થાય પરંતુ સદર ચીઠ્ઠીમાં કોઈ ભેજ કે અક્ષરો સ્પ્રેડ થયેલ નથી જેથી પણ સદર ચીઠ્ઠી મરણજનારના ખીસ્સામાંથી મળેલ હોય તે હકકીત શંકા ઉદભવે છે.જેથી આ કામના આરોપીઓએ મરણજનારને કોઈ ત્રાસ આપેલ હોય તે હકીકત

ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ ઈ.પી.કો.ક. ૩૦૬ અને ૧૦૭ ના તત્વો પુરવાર કરી શકેલ નથી. કોઈ ડાયરેકટ nexus નથી.

૭.૨ વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી તરફે નામ. સર્વોચ્ચ અદાલત તેમજ નામ. ઉચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૧) નામ. ગુજરાત હાઈકોર્ટના **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ શૈલેષ કાલીદાસ મહેતા અને બીજાઓ,** ૨૦૨૩(૨), ગુજરાત લો રીપોર્ટર પાના નં. ૧૬૦૦.

(૨) નામ. ગુજરાત હાઈકોર્ટના **નિલેશભાઈ અરવિંદભાઈ ગાંધી, ડાયરેટકર, કયુબ કન્સ્ટ્રકશન એન્જીનીયરીંગ લિ. વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ,** ૨૦૨૦ (૩), ગુજરાત લો રીપોર્ટર પાના નં. ૨૧૯૬.

(૩) નામ. સુપ્રિમ કોર્ટના **M. Arjunan Vs. The State Rep. Its Inspector of Police,** ૨૦૧૮(૪) ક્રાઈમ્સ, પાના નં. ૫૭૦ (SC).

(૪) નામ. સુપ્રિમ કોર્ટના **સ્ટેટ ઓફ કેરાળા અને બીજાઓ વિરૂધ્ધ એસ. ઉન્નીક્રિષ્ના નાયર અને બીજાઓ,** ૨૦૧૫(૩), ક્રાઈમસ, પાના નં. ૨૯૩ (SC).

આરોપી નં.૧ થી ૩ ના વિ.વ.શ્રીએ પોતાની દલીલના સમર્થનમાં ઉપરોકત ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(૮) ઉપરોકત હકીકત જોતાં મારાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૦૬/૦૩/૨૦૧૯ ના રોજ કલાક ૧૮–૦૦ વાગ્યા પહેલા આઠેક માસ ઉપર ફરીયાદીને પશુપાલનના ધં ધામાં નાણાંની જરૂર પડતા આરોપી નિલેશભાઈ પ્રજાપતિ પાસેથી રૂ.૫૦,૦૦૦/– ની ચારેક માસના વાયદે ૫–ટકા વ્યાજથી લીધેલ તેમજ ફરી જરૂર પડતા આરોપી લાલજીભાઈ ભરવાડ પાસેથી રૂ.૧,૦૦,૦૦૦/– રૂપિયા ૧૦ ટકા વ્યાજે લીધેલ તેમજ ફરી વધુ જરૂર પડતા રૂ.૫,૦૦,૦૦૦/– આરોપી રોનકભાઈ પ્રમોદભાઈ પટેલને આશરે ૧ ૮ તોલા સોનાની જણસો આપી જણસો ગીરવે મુકી રૂ.૫/– ટકાના વ્યાજે લીધેલ પરંતુ ધંધામાં ખોટ આવવાના કારણે સમયસર નાણાં ભેગા નહીં થતા અને નાણાંનો વાયદો પુરો થવા છતાં નાણાં ફરીયાદીથી ભરપાઈ કરી શકાયેલ નહીં. જેથી આરોપી નં.૧, ૩ અને ૫ નાઓ આરોપી નં.૨ અને ૪ એકબીજાના મિત્રો થતા હોય અને વ્યાજે નાણાં ધીરધારનું કામકાજ કરતા હોય અને તેની ઉઘરાણી કડક રીતે ધમકીઓ |

| | |
|---|---|
| | આપી કરતા હોય તે રીતે આરોપીઓ અવારનવાર ફરીયાદીના ઘરે જઈ ફરીયાદીને તેમજ તેના મા-બાપ તથા પત્નીને ગમેતેમ બોલી ધમકીઓ આપી ઉઘરાણી કરતા હોય અને છેલ્લે તા. ૦૩/૦૩/૨૦૧૮ ના રોજ સાંજના છ સાડા છ એક વાગ્યાની આસપાસ તમામ આરોપીઓ ફરીયાદીના ઘરે જઈ ગમેતેમ બોલી અમારા નાણાં નહીં આપો તો તેની પત્નીને ઉઠાવી લઈ જઈશું તેવી ધમકીઓ આપી ગમેતેમ બોલી ત્રાસ આપી મરનાર ફરીયાદીના પિતા ગોવિંદભાઈથી પૈસા ન બની શકતા અને આરોપીઓના ધમકી ભર્યા ત્રાસ સહન નહીં થતા પોતાને લાગી આવતા પોતે પોતાની જાતે સુસાઈડ નોટ લખી પોતાના ખીસ્સામાં પ્લાસ્ટીકના કાગળમાં વીંટાળી મુકી નહેરના પાણીમાં પડી મરણ જતા મરણજનારને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી ઈ.પી.કોડની કલમ-૩૦૬ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં આચરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

**(૯)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ કારણો સહીત નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારાત્મક. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

## –:: <u>કા ર ણો</u> :–

**<u>મુદ્દા નં. ૧.</u>**

(૧૦) આ કામના આરોપીઓ વિરૂધ્ધ આંક–૮ ના તહોમતનામા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬, ૧૧૪ મુજબનો ગુન્હો આક્ષેપિત છે. જેથી  બન્ને પક્ષની દલીલ તથા ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લઈ નિર્ણય કરવામાં માટે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં કુલ–૧૩ સાહેદો તપાસેલા છે.

**<u>ફરીયાદપક્ષે ફરીયાદીનો પુરાવો :</u>**

(૧૧) આ કામમાા ફરીયાદપક્ષે સાહેદ નં.૩, **ફરીયાદી કૌશલ ગોવિંદભાઈ રબારીને આંક–૨૦ થી તપાસેલા છે** તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓના પિતાનું નામ ગોવિંદભાઈ વિરમભાઈ રબારી છે અને તેઓ નડીઆદ નગરપાલિકામાં ફરજ બજાવતા હતા હાલ નિવૃત થયેલ હતા. તા.૦૬/૦૩/૧૯ ના રોજ તેઓ કામ ધંધાથી સાંજના પરત ફરેલા ત્યારે તેઓને જાણ થયેલ કે તેમના પિતા સવારના ૯–૦૦ વાગ્યે નીકળેલા અને ઘરે પરત આવેલ નથી. જેથી તેમની શોધખોળ કરવા નીકળેલ તે સમયે સાંજે ૬–૦૦ વાગ્યાની આસપાસ તેઓના કુટુંબી કાકા નાગજીભાઈ ઠાકોરભાઈ રબારીએ તેઓને જાણ કરેલ કે, તારા પિતાનાએ કેનાલમાં આપઘાત કર્યો છે અને તેઓ મરણ ગયેલ છે. જેથી તેઓ તેમના પિતાની લાશ સિવિલ હોસ્પીટલમાં રાખેલ હોય ત્યાં ગયેલા અને પિતાની લાશ જોયેલ અને તેઓના પિતાના ખીસ્સામાંથી એક ચીઠ્ઠી

મળી આવેલ અને જે ચીઠ્ઠી તેઓના પિતાની સ્યુસાઈડ નોટ હતી અને તેમણે ચીઠ્ઠીમાં લાલજીભાઈ ગોબરભાઈ ભરવાડ, નિલેશ બળદેવભાઈ પ્રજાપતિ, રોનક પ્રમોદભાઈ પટેલ, કમલેશ હારીજભાઈ રબારી, જય જસવંતલાલ સોની આ લોકોના ત્રાસથી હું આપઘાત કરૂ છું . સરદ ચીઠ્ઠી તેઓના પિતાના પહેરેલ પેન્ટના ખીસ્સામાં પ્લાસ્ટીકની કોથળીમાંથી મળેલ હતી અને ચિઠ્ઠી તેઓએ જોયેલી. સદર સ્યુસાઈડ નોટમાં તેઓના પિતાના અક્ષરો અને સહી ઓળખી બતાવી આંક–૨૧ થી સ્યુસાઈડ નોટ રજુ કરેલ છે.વધુમાં જણાવેલ છે કે, તેઓના પિતાનું પી.એમ. થયા બાદ તેઓને લાશ સોંપતા અંતિમ વિધિ કરેલ અને તેઓના પિતાની સ્યુસાઈડ નોટ મળેલ હોઈ બનાવ સંબંધે તેઓએ લાલજીભાઈ ભરવાડ, નિલેશ બળદેવભાઈ પ્રજાપતિ, રોનક પ્રમોદભાઈ પટેલ, નિલેશ હરજીભાઈ રબારી, જય જસવંતલાલ સોની વિરૂધ્ધ ફરીયાદ આપેલી. સદર ફરીયાદીએ આંક–૨૨ થી ફરીયાદ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેઓએ નિલેશભાઈ બળદેવભાઈ પ્રજાપતિ પાસેથી તેઓના પિતાના બનાવના એક વર્ષ અગાઉ રૂ.૫૦,૦૦૦/– માસિક ૫% ના વ્યાજે પૈસા લીધેલ અને તે પછી ધંધામાં જરૂર પડતા રૂપિયા એક લાખ નિલેશભાઈને વાત કરતા તેઓએ લાલજીભાઈ ગોકળભાઈ ભરવાડ પાસ ેથી એક લાખ અપાવું છું તેવી વાત કરેલી અને તે રકમ રૂ.એક લાખ ૧ ૮ હજાર વ્યાજ કાપીને મારા ખાતામાં આપેલા. ત્યારબાદ તેઓને ધંધામાં બીજા પૈસાની જરૂર પડતા તેઓએ રોનક પ્રમોદભાઈ પટેલ પાસેથી તેઓની ૧૮ તોલા સોનાની જણસો આપીને રૂ.૫ લાખ ૫% ના માસિક વ્યાજે લીધા હતા અને જય સોની પાસેથી રૂ.૫૦ હજાર ૫% ના માસિક

વ્યાજે લીધા હતા. જેમાં તેઓના ઘરે પૈસાની તથા વ્યાજની રકમની ઉઘરાણી કરવા લાલજી ગોકળભાઈ ભરવાડ, નિલેશ બળદેવભાઈ પ્રજાપતિ, રોનકભાઈ પ્રમોદભાઈ પટેલ, કમલેશભાઈ હરજીભાઈ રબારી, જય જસવંતલાલ સોની અવારનવાર આવતા હતા અને તેઓના માતા પિતાને ટોર્ચરીંગ કરતા હતા અને જણાવતા હતા કે, તેઓના પૈસા આપી દો નહીં તો તમારે આ ઘરબાર વેચવુ પડશે અને તેઓના પૈસા કઢ ાવી લઈશું અને તેઓના પત્નીને ઉઠાવી જવાની ધમકી પણ આપવામાં આવેલી અને તેઓના પિતાના બનાવ બન્યો તેના અગાઉના દસ દિવસ દરમ્યાન આ આરોપીઓ અવારનવાર તેઓના ઘરે મુડી અને વ્યાજની ઉઘરાણી કરવા માટે આવતા હતા અને આરોપીઓ પાસેથી તેઓએ લીધેલ રકમની તેઓએ તેઓના પિતાને જાણ કરેલ કે આ લોકોના પૈસા હું આપી દઈશ તેમ છતાં આ લોકો અવારનવાર કડક ઉઘરાણી તેઓની સાથે કરતા હતા અને તેઓના પિતાનો બનાવ બન્યો તેના બે દિવસ અગાઉ આ આરોપીઓએ તેઓની પાસેથી કડક ઉઘરાણી કરેલી અને જેને કારણે તેઓના માતા પિતા ટેન્શનમાં આવી ગયેલ. અને તેઓના પિતાને વધારે ટેન્શન આવી જતા તેમણે વ્યાજ ખોરોના ત્રાસથી આપઘાત કરેલ તે અંગેની સુસાઈડ નોટ લખેલી અને તેમાં વ્યાજ ખોરોના નામ લખેલા હતા. આ સુસાઈડ નોટ તેઓના પિતાના હસ્તાક્ષરોમાં હોઈ, અને તેઓના પિતા પોતાનો હીસાબ કીતાબ એક નોટમાં લખતા હોઈ, તે નોટ તેઓએ પોલીસને આપેલી. તેઓએ પોલીસને આપેલ તેઓના પિતાના હસ્તાક્ષરવાળી નોટ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨ વાળી નોટ બુક બતાવવામાં આવે છે તે હીસાબની

નોટબુક છે તેમાં લખેલા હસ્તાક્ષરો તેઓના પિતાના છે જે તેઓએ પોલીસને આપેલ તે તે જ છે. જે નોટ તેઓ ઓળખી બતાવી આંક–૨૩ થી રજૂ કરેલ છે. કોર્ટમાં હાજર તમામ આરોપીઓને ઓળખી બતાવે છે.

૧૧.૧ સદર ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી એમ.કે. શાહ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં બનાવના અરસામાં હું જમીન મકાન દલાલી અને પશુપાલનનો ધંધો કરતો હતો. તેઓએ બજારમાંથી નાણાં પશુપાલનના ધંધા માટે લીધા હતા. હું બજારમાંથી લીધેલા નાણાંમાંથી કોઈપણ પશુ લાવ્યો હોય તેવો કોઈ પુરાવો તેઓએ પોલીસને રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓ પાસેથી તેઓના પિતાજીએ કોઈ નાણાં લીધા ન હતા. એ વાત ખરી છે કે, તેઓના પિતાજીએ આરોપીઓ પૈકી કોઈને કોઈ ચેક લખી આપ્યા હોય કે નાણાં લીધા બાબતનું કોઈ લખાણ કરી આપ્યું હોય તેવું પણ બનેલ નહી. એ વાત ખરી નથી કે, આરોપીઓ સિવાય બહારના અન્ય વ્યકિતઓ પાસેથી પણ તેઓએ નાણાં લીધા છે. એ વાત ખરી નથી કે, આ બનાવ બન્યો તે પહેલા આરોપીઓએ મને ત્રાસ આપ્યા બાબતની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલી નથી. જે ફરીયાદ કર્યાનું હું કહું છું તે તેઓએ તપાસ કરનાર અમલદારને આપેલી નથી. એ વાત ખરી છે કે, તેઓના પિતાજી ખુબ જ પ્રમાણીક અને લાગણીશીલ વ્યકિત હતા. તેઓ શિક્ષણ સમીતી નડીઆદમાં નોકરી કરતા હતા. તેમણે

સ્વૈચ્છિક નિવૃત્ત લીધેલ હતી. હું સ્વૈચ્છિક નિવૃત્ત લેવાનું શું કારણ છે તે જાણતો નથી. આરોપીઓ તેઓના ઘરે આવ્યા હતા તે બતાવવા માટે તેઓની મૌખિક રજુઆત સિવાય તેઓની આજુબાજુના પડોશીઓનો પુરાવો તેઓની પાસે છે. જે જરૂર પડયે રજુ કરીશ. એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ થઈ ત્યારબાદ આરોપી પૈકી કોઈનો પણ એક રૂપિયા તેઓએ પરત આપેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓ પાસેથી તેઓએ જે નાણાં લીધા તેના અનુસંધાને તેઓએ ચેક લખીને આપેલા છે. આરોપીઓ પૈકી કોઈએ ચેક પાછા પડયા બાબતની કોઈ ફરીયાદ કરી હોય અને તે ફરીયાદ અદાલતમાં ચાલુ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓ જો મને નાણાંકીય જવાબદારીમાંથી મુકત કરે તો મારે ફરીયાદ કરવાનું કોઈ કારણ ન હતું. મને એ વાતની જાણ નથી કે, આરોપી રોનકભાઈ કાયદેસર નાણાં ધીરવાનું લાયસન્સ ધરાવે છે કે કેમ. મને એ વાતની પણ ખબર નથી કે, આરોપી રોનકભાઈ વ્યાજે આપેલા નાણાંની તમામ વિગતો તેમના ટેક્સ રીટર્નમાં પણ ભરે છે કે કેમ. એ વાત ખરી છે કે, આરોપી રોનકભાઈએ મને જે કોઈપણ નાણાં આપ્યા તે ગુજરાત મની લેન્ડીંગ એકટની જોગવાઈઓ અનુસરીને આપવામાં આવેલા. આ રોનકભાઈએ મને વ્યકિતગત રીતે નાણાં આપેલા. એ વાત ખરી છે કે, આરોપી કમલેશભાઈ હરજીભાઈ રબારીનાઓએ મને કોઈ નાણાં આપ્યા નથી કે તે કોઈ લેવા હકકદાર પણ નથી. આરોપી લાલાભાઈ ગોકળભાઈ ભરવાડનાઓએ મને રૂા.એક

લાખ આપેલા. તેઓએ આરોપી લાલાભાઈને આ નાણાં પેટે બે હપ્તા આપેલા. તે બાબતનો તેઓની પાસે પુરાવો છે. એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ કર્યા પછી કોઈ નાણાં આપ્યા નથી. એ વાત ખરી નથી કે, આ ફરીયાદ કરવાનો આશય એ હતો કે, આરોપીઓ કાયદેસરના માંગતા લેણાં પેટેના નાણાં માંગે નહી. એ વાત ખરી છે કે, મારે અને લાલજીભાઈ ભરવાડને વ્યકિતગત સીધું કોઈ આદાનપ્રદાન ન હતું. મારે ધંધામાં પશુઓ લાવ્યા અને પશુઓ ગુજરી ગયા તેથી મારે ખોટ ગયેલી. હું આઠ ગાયો લાવ્યો હતો. તે ગાયો લાવ્યો હોય કે મરી ગયા બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો નથી. એ વાત ખરી છે કે, પહેલા મારો મોબાઈલ નં.૯૦૮૧૪ ૪૧૮૧૮ હતો. એ વાત ખરી છે કે, હું મુકેશભાઈ મારવાડી નામના ઈસમ સાથે ભાગીદારીમાં જય લાખુમા નામથી વી.સી. ચલાવતો હતો. જે વી.સી. સને–૨૦૧૮ થી ચાલતી હતી. એ વાત ખરી છે કે, મને જય લાખુમા નામની વી.સી. ચલાવ્યા બાબતનું જણાવું છું તેમાં તેઓના ઉઘરાવ્યા બાબતના કામમાં નાણાં ઉઘરાવનાર તરીકે તેઓની સહી છે. તેઓની પાસે રોનકભાઈને અઢાર તોલા સોનું આપ્યા બાબતની કોઈ પહોંચ કે દસ્તાવેજી પુરાવો નથી. હું ધમેનદુભાઈ ભોગીલાલ શાહને ઓળખતો નથી. તા.૧૪–૩–૨૦૧૯ નારોજ મારે તેમની સાથે કોઈ મુલાકાત થઈ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, મને જે આંક–૨૧ વાળી સુસાઈડ નોટ બતાવવામાં આવે છે તે તેઓના પિતાજીના ગુજરી ગયા બાદ માંગતા લોકોના નાણાં આપવા ન પડે તે

માટે જાતે ઉભી કરેલી સુસાઈડ નોટ છે. એ વાત ખરી નથી કે, આરોપીઓ તેઓના ઘરે આવીને ગાળા ગાળી કરતા હોવા બાબતની ખોટી જુબાની આપું છું.

૧૧.૨ સદર ફરીયાદીની આરોપી નં.૪ ના વિ.વ.શ્રી ડી.કે. રાણા ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે, તેઓએ તેઓની આંક–૨૨ ની ફરીયાદમાં જયેશ સોની પાસેથી રૂા.૫૦,૦૦૦/– માસિક ૫% ના વ્યાજે લીધા હતા તે હકીકત લખાવેલ નથી. એ વાત ખરી છે કે, ખેડાનો સોની સંધાણાવાળા કાળુભાઈ રબારીનો ઓળખીતો થાય તે રીતે હું તેમને ઓળખું છું.

૧૧.૩ સદર ફરીયાદીની આરોપી નં.૫ ના વિ.વ.શ્રી એસ. એસ. પ્રજાપતિ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે, સીવીલ હોસ્પિટલમાં હું પહોંચ્યો તે પહેલા શું બનાવ બનેલ તેની મને કોઈ જાત માહીતી ન હતી. સીવીલ હોસ્પિલમાં પહોંચ્યા પછી બનાવની તમામ હકીકત તેઓના કાકા ભરતભાઈએ આપી હતી. જે જગ્યાએ તેઓના પિતાએ આત્મહત્યા કરી તે કેનાલમાં પાણી હતું. એ વાત ખરી છે કે, ગુજરનાર વ્યકિત પાણીમાં મૃત્યુ પામે ત્યાં સુધી રહે અને તેમના ખીસ્સામાં કોઈપણ ચીઠ્ઠી હોય તો તે પાણીવાળી થાય અને ભીંજાઈ જાય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ચીઠ્ઠી પ્લાસ્ટીકની કોથળીમાં હતી.

આંક–૨૧ વાળી ચીઠ્ઠી જે કોથળીમાં છે તે જ કોથળીમાં ગુજરનારે લખેલી ચીઠ્ઠી હતી. એ વાત ખરી છે કે, મને આંક–૨૧ વાળી ચીઠ્ઠી જે થેલીમાં બતાવવામાં આવે છે તે થેલીમાં પીનો મારેલી છે. આ થેલી ઉપરની પીનો કોણે તેઓની તેની મને ખબર નથી. જય લખુમા વી.સી.ની સંસ્થા હું વૈશાલી સીનેમા ચોકડી પાસે, સાઈબાબાના મંદિર છે ત્યાં ચલાવતો હતો.  એ વાત ખરી છે કે, તે કાર્ડમાં સભ્યોના નામ પણ લખેલ છે. મને તે કાર્ડની ત્રણ ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે તેમાં જેમાં નંદ નીલેશકુમાર પ્રજાપતિને કાર્ડ નં.૧૦, લક્ષ નીલેશભાઈ પ્રજાપતિને કાર્ડ નં.૪૯, એસ.એન. પ્રજાપતિને કાર્ડ નં.૪૩ આપેલ છે. જે નોટના આધારે આ નંબર આપેલા છે તે નોટ રજુ કરી શકું તેમ નથી. એ વાત ખરી નથી કે, હું જય લખુમાંના નામે પેઢી ચલાવતો હતો. કાર્ડમાંની વ્યકિતઓને હું ઓળખું છું. તે સભ્યોને તેઓએ હાથો હાથ રકમ પરત કરેલ છે. રકમ પરત કરી હોય તેનો કોઈ દસ્તાવેજી પુરાવો તેઓની પાસે નથી કે રજુ કરી શકું તેમ નથી. એ વાત ખરી છે કે, હું ગાયો અગાઉ કોની પાસેથી લાવ્યો તેના નામ તેઓની ફરીયાદમાં લખાવેલ નથી. તેઓએ જે વ્યકિતઓ પાસેથી પૈસા લીધા તે અંગેનો હીસાબ તેઓએ રાખેલો છે. આ હીસાબની કોઈ રકમ તેઓએ પોલીસને આપેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓના પિતાના નામ સુસાઈડ નોટમાં નથી. એ વાત ખરી છે કે, ઉછીના કોઈપણ પૈસા તેઓએ તેઓના પિતાને આપેલ નથી. એ વાત ખરી નથી કે, મારે આરોપીઓને પૈસા પાછા ન આપવા પડે તે માટે ખોટી

ફરીયાદ આપેલ છે.

**<u>ફરીયાદપક્ષના સાહેદનો પુરાવો :</u>**

**(૧૨) આ કામમાં ફરીયાદપક્ષે આંક–૨૬ થી સાહેદ ભરતભાઈ વિરમભાઈ રબારીને તપાસેલા છે તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,** તેઓ નડીઆદ નગરપાલિકામાં પ્રાથમિક શિક્ષણ સમિતિમાં પટાવાળા તરીકે છેલ્લા ૨૯ વર્ષથી નોકરી કરે છે અને ગોવિંદભાઇ તેઓના મોટા ભાઈ હતા અને ગોવિંદભાઈ તેઓની બાજુમાં તેના પરીવાર સાથે રહેતા હતા અને તેઓના ભાઈને બે દિકરીઓ અને એક દિકરો છે. તેઓની બંને દિકરીઓના લગ્ન થયેલ છે અને સાસરીમાં રહે છે અને તેમનો દિકરો કૌશલભાઈ તેના બે બાળકો સાથે તેઓની બાજુમાં મકાનમાં રહે છે. તેઓના ભાઈ ગોવિંદભાઈનાઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં નડીઆદ કલાર્ક તરીકે નોકરી કરતા હતા અને સ્વૈચ્છિક નિવૃત્તી લીધી હતી અને તેઓનો ભત્રીજો કૌશલ બનાવના ૫–૬ વર્ષ પહેલા તે જમીન દલાલી તથા મકાનનું અને પશુપાલનનું કામ કરતો હતો અને તેઓના ભત્રીજાને લાલજીભાઈ ભરવાડ તથા કમલેશ રબારી, નિલેશભાઈ પ્રજાપતિ, રોનકભાઈ પટેલ અને જય સોનીનાઓ સાથે પૈસાની લેવડદેવડ બાબતે તકરાર થતી હતી અને બોલાબોલી અને આ પાંચેય ઈસમો તેઓના ભાઈ ગોવિંદભાઈને તથા કૌશલના પત્ની સ્નેહાબેનના ધમકી આપતા હતા કે તેઓને ઉઠાવી જઈશું, તેઓના પૈસા આપી દો

અને ઘરની બહાર નીકળવાનું ભારે પડશે અને દર બીજા ત્રીજા દિવસે આ પાંચેય જણા તેઓના મોટાભાઈ ગોવિંદભાઈના ઘરે ધમકી આપવા આવતા હતા અને મારૂ ઘર ગોવિંદભાઈની બાજુમાં હોઈ તેઓ સાજે નોકરીએથી પરત આવતા ત્યારે તેઓ આવતા હોઈ મને જાણ થયેલ અને અમોએ આ પાંચેય જણાને જણાવેલ કે, તેઓના પૈસા થોડા થોડા કરીને અમે પુરા કરી આપીશું અને તેઓ કોઈ સમજેલા નહી અને અવારનવાર તેઓના ભાઈને ધમકીઓ આપતા હતા. ગઈ તા.૬-૩-૨૦૧૯ ના રોજ તેઓ નોકરીએથી સાંજના સાત વાગ્યાના સુમારે ઘરે ગયેલ ત્યારે ગફુરભાઈ ગગાભાઈ રબારી ઉર્ફે હરીશભાઈ નાઓ જે નડીઆદ સીવીલ હોસ્પિટલની સામેની સોસાયટીમાં રહે છે તેઓએ ફોન કરી જાણ કરેલ કે, તમો સીવીલે આવી જાઓ અને નડીઆદ સીવીલ હોસ્પિટલ જતા આ ગફુરભાઈનાઓ મળતા તેઓને અંદર નડીઆદ સીવીલ હોસ્પિટલમાં ગયા હતા અને ત્યાં પોલીસના માણસો હાજર હતા ત્યાં લાશ કોલ્ડ સ્ટોરેજમાં મુકતા હોઈ અમોને કોલ્ડ સ્ટોરેજમાં લઈ ગયેલ અને તેઓને ત્યાં એક લાશની ઓળખ કરાવતા તે તેઓના મોટાભાઈ ગોવિંદભાઈની લાશ હતી અને જે તેઓએ ઓળખેલ અને પોલીસને જણાવેલ કે, આ તેઓના મોટાભાઈની લાશ છે અને પોલીસવાળાઓએ મને તેઓના ભાઈ ગોવિંદભાઈની સુસાઈડ નોટ બતાવેલ અને તેમાં લખેલા અક્ષરો કોના છે તે પુછતા તેઓએ જણાવેલ કે, તેઓના ભાઈના અક્ષરો છે અને જે સુસાઈડ નોટમાં તેઓએ ઉપરોકત જણાવેલ પાંચેય ઈસમો વ્યાજખોરોના

નામ લખેલા હતા અને તેઓના ત્રાસના કારણે આત્મહત્યા કરેલ છે તેવું લખાણ લખેલ હતું અને સુસાઈડ નોટમાં તેમની સહી પણ હતી. જે પોલીસે કબજે કરેલ અને તેઓના ભત્રીજા કૌશલને આ બાબતે જાણ કરેલ અને તેઓને સીવીલ હોસ્પિટલ, નડીઆદ ખાતે બોલાવેલ અને આ બનાવ અંગે તેઓના ભત્રીજા કૌશલનાઓએ નડીઆદ રૂરલ પો.સ્ટે.માં ફરીયાદ આપેલ. પોલીસે બનાવ સંબંધે મારૂ નિવેદન નોંધેલ. તેઓએ ઉપરોકત જણાવેલ પાંચ ઈસમો પૈકી ચાર ઈસમો આજરોજ હાજર છે તેઓને ઓળખી બતાવે છે અને પાંચમા જય સોની આજરોજ કોર્ટમાં હાજર નથી. તેઓને આંક-૨૧ વાળી સુસાઈડ નોટ બતાવવામાં આવે છે. જેમાં લખેલા અક્ષરો તેઓના ભાઈના છે તેમજ તેઓના ભાઈની સહી છે જે ઓળખી બતાવે છે.

૧૨.૧ સદર સાહેદની આરોપી નં.૧ થી ૩ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં હાલ તેઓની નોકરી ચાલુ છે. તેઓ નોકરી સિવાય અન્ય કોઈ ધંધો કરતો નથી. તેઓની નોકરીનો સમય ૧૦ થી ૬ નો છે. ૬ વાગ્યે નોકરી પત્યા બાદ મને ઘરે આવતા ૧૫-૨૦ મીનીટનો સમય થાય. તેઓ પોણા દસ પહેલા ઘરેથી નીકળી નોકરીએ જાઉ છું. તેઓએ પોલીસને આપેલ નિવેદન વાંચેલ છે. એ વાત ખરી છે કે, તેઓના સમગ્ર નિવેદનમાં આરોપીઓએ કયા દિવસે મરનારના ઘરે નાણાંની માંગણી કરવા આવ્યા હોય તેવી કોઈ વિગત નથી. તેઓએ

તેઓના ભત્રીજાને પુછેલ કે, આટલા બધા પૈસા કોની પાસેથી લાવેલ છું. અમે પોલીસ સમક્ષ પશુ લાવ્યા હોય તે બાબતનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. કૌશલભાઈને કોઈ ખેતર નથી. કૌશલભાઈ રહે છે તે ઘરની બાજુમાં ગમાણ છે તે કૌશલભાઈની છે. એ વાત ખરી છે કે, તેઓના મરણજનાર ભાઈનાઓએ આરોપીઓ પાસેથી કોઈ નાણાં લીધા ન હતા નાણાં લેવાનો આક્ષેપ તેઓના ભત્રીજા કૌશલ ઉપર હતો. એ વાત ખરી નથી કે, તેઓના ભાઈ કૌશલના લોકોથી નાણાં ઉઘરાવીને કરેલા ધંધામાં રાજી ન હતા. એ વાત ખરી છે કે, બનાવના પહેલા ચાર-પાંચ દિવસ પહેલા આરોપીઓ નાણાંની માંગણી કરવા આવેલા. એ વાત ખરી છે કે, આ બનાવ સંબંધે અગાઉ પોલીસ સ્ટેશનમાં કોઈ ફરીયાદ આપેલ નથી. એ વાત ખરી નથી કે, ચાર - પાંચ દિવસ પહેલા આરોપીઓ નાણાંની ઉઘરાણી કરવા આવ્યા તેના પહેલા અને પછી કૌશલ સાથે મારે આ સંબંધે કોઈ વાતચીત થયેલી નહી. આરોપીઓ બનાવના ચાર-પાંચ દિવસ પહેલા સાત થી આઠ રાત્રીના સમયે નાણાંની ઉઘરાણી કરવા આવેલા. આરોપીઓ બબ્બેની ટોળીમાં નાણાંની ઉઘરાણી કરવા આવતા હતા. આરોપીઓ નાણાંની માંગણી કરવા આવ્યા તે વારાફરતી આવેલા અને તેઓ આવ્યા તે વચ્ચે કલાક બે કલાકનું અંતર હતું. આરોપીઓ આવ્યા ત્યારે તેઓના ઘરમાં બેઠેલો પરંતુ આરોપીઓ આવેલા તેની મને ખબર છે. તેઓએ તેઓના ભત્રીજાએ આરોપીઓને બેંક ધ્વારા કે કાયદેસરની એન્ટ્રી ધ્વારા કોઈ નાણાં પરત આપ્યા હોય તેવું તેઓના

ધ્યાનમાં નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ઉપલકના આપ્યા હશે. તેઓનો ભત્રીજો જયારે જયારે આરોપીઓને નાણાં આપવા જતો હતો ત્યારે મને સાથે લઈ જતો હતો. એ વાત ખરી છે કે, ભત્રીજાએ આરોપીઓને તેના કાયદેસરના નાણાં આપ્યાની જાણ તેમના કહેવાથી મને ખબર પડેલી. એ વાત ખરી નથી કે, મારો ભત્રીજો કૌશલ દારૂ જુગારના રવાડે ચઢી ગયો હોઈ તેના કારણથી તેઓના ભાઈ ખૂબ જ પરેશાન રહેતા હતા. મારો ભત્રીજો પશુપાલન અને જમીન દલાલી સિવાય અન્ય કોઈ ધંધો કરતો હોય તેની મને કોઈ જાણ નથી. મારો ભત્રીજો કૌશલ વી.સી.ઓ. રમાડતો હતો જેનુ નામ જય લાખુ મા હતું તે બાબતની મને કોઈ જાણ નથી. એ વાત ખરી છે કે, કૌશલ તમામ વિગતો મને ન હતો કહેતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમુક વિગતો કહેતો હતો.એ વાત ખરી છે કે, તેઓના મરણજનાર ભાઈ ગોવિંદભાઈ વિરમભાઈ રબારી ખૂબ જ લાગણીશીલ અને પ્રમાણીક માણસ હતા. એ વાત ખરી નથી કે, તેઓના ભાઈ મરણ જનાર મનોચિકીત્સક ડો.પરીન્દુ દેસાઈની દવા લેતા હતા. એ વાત ખરી નથી કે, તેમની માનસિક બીતેઓનીના કારણે તેમણે સ્વૈચ્છિક નિવૃત્તી લઈ લીધેલી. આરોપીઓએ જે કોઈ નાણાંની માંગણી કરી તે કૌશલભાઈ જોડે કરેલી. કૌશલભાઈએ બેંકમાંથી ઓછા દરના વ્યાજવાળી લોન ન લેતાં આરોપીઓ પાસેથી નાણાં કેમ લીધેલા તેના જવાબમાં કહું છું કે, કૌશલભાઈએ એકટીવા માટે લોન લીધી હતી તેનો હપ્તો બાકી હોઈ,

તેમને બેંકમાંથી લોન મળી શકે તેમ ન હતું. તેઓના કહેવા મુજબ તેઓના ભત્રીજા કૌશલે આરોપીઓ અને બેંક સિવાય અન્ય કોઈની પાસેથી નાણાં લીધા હોય તેવું બનેલ નથી. લોકોના વી.સી.ના પૈસા ઉઘરાવીને તેમને પરત નહી આપ્યાનું મને ખબર નથી કારણ કે, વી.સી. ચલાવતો હતો કે કેમ તે જ મને ખ્યાલ નથી. મારૂ ઘર કીડની હોસ્પિટલની નજીક આવેલ છે. તેઓના ઘરથી કીડની હોસ્પિટલ દેખાય. સદર સાહેદને પુછવામાં આવેલ સવાલ:-કીડની હોસ્પીટલ અને રીલાયન્સમાં સી.સી.ટી.વી. કુટેજની સુવિધાઓ છે જે રોડ ઉપરથી જતા આવતા માણસોની વીડીયો રેકોર્ડીંગ કરી શકે તેના જવાબમાં કીડની હોસ્પીટલ અને રીલાયન્સમાં સી.સી.ટી.વી. કુટેજની સુવિધાઓ સને-૨૦૧૯ બનાવ પછી નાંખવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે, કીડની હોપિટલ સી.સી.ટી.વી. કુટેજની સુવિધાઓ છેલ્લા ૧૫ વર્ષથી છે. મને એ વાતની જાણ નથી કે, આરોપીઓ પૈકી રોનકભાઈ પ્રમોદભાઈ પટેલ તથા અન્ય આરોપીઓ પાસેથી કૌશલે કાયદેસર ધીરધારના લાયસન્સ ધરાવતા આરોપીઓ પાસેથી કાયદેસર પ્રોસીજર કરી નાણાં મેળવ્યા હતા. આ કૌશલ ઉપર આજની તારીખે નાણાં ન ચુકવ્યા બાબત નોટીસો મળી અને કેસો ચાલુ છે કે કેમ તેની મને જાણ નથી. મને તા.૩-૩-૨૦૧૮ ના રોજ આરોપીઓને તેઓએ જોયેલા કે નહી તે સવાલના અનસંધાને જણાવું છે કે, તારીખ ખબર નથી પરંતુ આરોપીઓને તેઓએ જોયેલા. એ વાત ખરી નથી કે, કહેવાતી સુસાઈડ નોટ કૌશલનાએ ઉભી

કરેલી છે. એ વાત ખરી નથી કે, ઘરનો તમામ ખર્ચો મરનાર આપતા હતા અને કૌશલ ઘરનો ખર્ચ પણ આપતો ન હતો. એ વાત ખરી નથી કે, તેઓના ભત્રીજાને તેના કાયદેસરના દેવાના નાણાં ચુકવવા ન પડે તે આશયથી અમે બધા ભેગા મળી તેની જોડે ખોટા આક્ષેપોવાળી ફરીયાદ કરાવડાવી અને તે જ પ્રમાણેનું નિવેદન લખાવી ના. અદાલત આગળ સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

૧૨.૨ સદર સાહેદની આરોપી નં.૪ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં જય સોની લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, ઘરની બહાર નીકળવું ભારે પડી જશે અને અવાર નવાર આ પાંચેય આરોપીઓ ધમકી આપતા હતા તેવી હકીકત તેઓએ મરા નિવેદનમાં લખાવેલ નથી.

૧૨.૩ આરોપી નં.૫ તરફે વિ.વ.શ્રી એસ. એસ. પ્રજાપતિનાઓ આરોપી નં ૧ થી ૩ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એડોપ્ટ કરે છે. હું નગર પાલિકામાં શિક્ષિણ સમીતીની ઓફીસમાં પટાવાળા તરીકે ફરજ બજાવું છું. ગુજરનાર ગોવિંદભાઈ તેઓના ભાઈ નગરપાલિકાની શિક્ષણ સમીતીમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. એ વાત ખરી છે કે, તેઓની અને ગોવિંદભાઈની ઓફીસ એક જ હતી. એ

વાત ખરી છે કે, ગુજરનાર તેઓના ભાઈએ નોકરીમાંથી રાજીનામું આપ્યું તે બાબતે હું વાકેફ છું. એ વાત ખરી નથી કે, તે સમયે ડો.પરીન્દુ દેસાઈ સાહેબની દવાઓ ચાલતી હતી. એ વાત ખરી નથી કે, જો તેઓની માનસિક રોગની દવા ચાલુ ન હોત તો તેઓ નોકરીમાંથી રાજીનામું આપત નહી. તેમણે રાજીનામું આપ્યું તે સમયે તેઓની નોકરી ચાલુ હતી. એ વાત ખરી નથી કે, કૌશલભાઈ વ્યાજનો ધંધો કરતા હતા. એ વાતની મને ખબર નથી કે, કૌશલભાઈ અને નિલેશભાઈ ફાઈનાન્સનો ધંધો કરતા હતા કે એક જ જગ્યાએ કામ કરતા હતા. સદર સાહેદને પુછવામાં આવેલ સવાલ જો કૌશલભાઈ અને નિલેશભાઈ ફાઈનાન્સમાં કામ કરે છે તે હકીકત તેઓના જવાબમાં લખાવી હોય તો સાચી કે ખોટી? તેના જવાબમાં તેઓએ આવી કોઈ હકીકત જાણતો ન હોવાથી લખાવેલ નથી. એ વાતની મને ખબર નથી કે, કૌશલભાઈએ બેંકમાંથી લોન લેવા પ્રયત્ન કરેલ કે કેમ. એ વાત ખરી છે કે, કૌશલભાઈ અને આરોપીઓએ તેઓની હાજરીમાં પૈસાની લેવડદેવડ કરી હોય તેવું બનેલ નથી અને તેવું તેઓની જાણમાં પણ નથી. એ વાત ખરી છે કે, કૌશલભાઈને મદદ કરવી તે તેઓની ફરજ માં છે. કૌશલભાઈએ મને એવી હકીકત જણાવેલ કે, તેઓએ આ પાંચ ઈસમો સાથે લેવડ દેવડ કરી છે. એ વાત ખરી છે કે, કૌશલભાઈના જણાવ્યા સિવાયની કોઈ માહીતી મને ખબર નથી. તેઓએ તેઓના ભત્રીજાને ગાયો લાવવા માટે કોઈ મદદ કરેલી નહી. કૌશલભાઈએ તેઓની પાસે વ્યાજે કે ઉછીના કોઈ પૈસા માંગેલા નહી. એ

વાત ખરી નથી કે, કૌશલભાઈના ઉપર બેંકમાંથી સીબીલનો સીકકો લાગેલ હોવાથી બેંકવાળા તેઓને લોન આપતા ન હોવાથી તેઓએ પણ કૌશલભાઈને નાણાંકીય મદદ કરેલી નહી. હું સીવીલ હોસ્પિટલ પહોંચ્યો ત્યારે ગુજરનાર તેઓના ભાઈ ગોવિંદભાઈની લાશ તેઓએ જોયેલી અને તે સમયે તેમના કપડા ભીના હતા. એ વાત ખરી છે કે, તેઓની હાજરીમાં ગુજરનારના ખીસ્સામાંથી ચીઠ્ઠી કબજે કરી હોય તેવું બનેલ નથી. પોલીસે મને બતાવી તે જ તેઓએ જોયેલી. સૌથી પહેલા લાશ અને ચીઠ્ઠી પોલીસે મને બતાવેલી. એ વાત ખરી છે કે, પોલીસે ચીઠ્ઠી કેવી રીતે કબજે કરેલ તેની મને કોઈ જાત માહીતી નથી. આ લાશ કેરીચાવી સીમમાં કેનાલમાંથી મળેલી. કેનાલથી સીવીલ હોસ્પિટલનું અંતર આશરે ૮–૯ કી.મી. હશે. મને કયા નંબરથી ફોન આવેલ તે ફોન નંબર તેઓએ પોલીસને લખાવેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે મને બતાવેલ સુસાઈડ નોટમાં અક્ષરો ભીના થયા હોય કે અક્ષરો સ્પ્રેડ થયા હોય તેવું બનેલ નહી. એ વાત ખરી છે કે, કૌશલે જે લોકો પાસેથી પૈસા લીધેલા તે પાછા આપવા માટે તેઓએ કોઈ ગોવિંદભાઈએ કોઈ પ્રયત્ન કરેલ નહી. એ વાત ખરી છે કે, પોલીસે લખેલ જવાબ તેઓએ વાંચેલો. એ વાત ખરી છે કે, પોલીસથી તેમાં કોઈ હકીકત લખવાની રહી ગયેલ હોય તેવું બનેલ નથી. સદર સાહેદને પુછવામાં આવેલ સવાલ : તમારો જવાબ સીવીલ હોસ્પિટલમાં પોલીસે લખેલો ? તેના જવાબ: મારો જવાબ સીવીલ હોસ્પિટલમાં, પોલીસ સ્ટેશનમા અને ઘરે આવ્યા પછી પણ લીધેલો.

પોલીસે મારૂ નામ – ઠામ પુછેલું. એ વાત ખરી નથી કે, પોલીસ સ્ટેશનમાં જે જવાબ આપ્યો તે હકીકત તેઓએ વાંચેલ નહી. એ વાત ખરી નથી કે, પોલીસ સ્ટેશન સિવાય સીવીલ હોસ્પિટલ અને ઘરે આપેલ જવાબ તેઓએ વાંચેલો નહી. એ વાત ખરી નથી કે, આ તમામ વાર્તા કૌશલભાઈએ તૈયાર કરેલી. એ વાત ખરી નથી કે, જો આરોપીઓએ પૈસા છોડી દીધા હોત તો આ ફરીયાદ થાત નહી. એ વાત ખરી છે કે, કૌશલભાઈએ આરોપીઓ સાથે કરેલ પૈસાની લેવડદેવડનો કોઈ લેખિત પુરાવો પો.સ્ટે.માં આપેલ નથી. એ વાત ખરી નથી કે, કૌશલભાઈને કોઈને પૈસા આપવા ન પડે અને આરોપીઓ ઉપર ધાક ઉભી થાય તે માટે હાલની ખોટી ફરીયાદ ઉભી કરેલ છે. કૌશલભાઈ ગાયો પંજાબના વેપારીઓ પાસેથી ખરીદેલી. તે ૭–૮ ગાયો અમારા ઘરે મરી ગયેલી. ગાયોનો વીમો ઉતરાવેલ નહી. ગાયો ખરીદી બાબતનો કોઈ પુરાવો નથી. આ ગાયોની કેટલી કિંમત આપેલી તે હાલ ખબર નથી. કૌશલભાઈ વ્યાજનો અને વી.સી.નો ધંધો કરતા હતા તે બાબતે તેઓના ભાઈ નાખુશ હતા તેના જવાબમાં જણાવું છું કે, કૌશલભાઈ આ ધંધો કરે છે તે હકીકત અમે જાણતા ન હતા. એ વાત ખરી નથી કે, કૌશલભાઈને મદદ કરવા માટે ખોટી જુબાની આપું છું.

**(૧૩) આ કામમાં ફરીયાદપક્ષે આંક–૪૭ થી મરણજનારનાર પત્ની ભાવનાબેન ગોવિંદભાઈ રબારીને તપાસેલા છે તેઓ તેમના સોગંદ**

**ઉપરના પુરાવામાં જણાવે છે કે,** તેઓને સંતાનમા બે દીકરીઓ અને એક દીકરો છે જેમા બંન્ને દીકરીઓના લગ્ન થયેલ અને તેઓ તેમની સાસરીમા રહે છે તેમજ દીકરો કૌશલ છે જેના લગ્ન થઈ ગયેલ છે અને તે તેની પત્નિ બાળકો સાથે તેઓની પાસે રહે છે. તેઓના પતિ હયાત હતા ત્યારે પશુપાલનાનુ કામ કરતા હતા અને તે અગાઉ નગરપાલીકામા કામ કરતા હતા. અને તેઓએ તેમની નોકરીમાં રાજીનામુ આપેલ. તેમનો દીકરો કૌશલ પશુપાલનનું કામ કરતો હતો અને પશુપાલન માટે તેઓના દીકરા કૌશલ નાઓએ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે નિલેષભાઈ તેમજ એક રબારી તથા એક ખેડાવાળા સોનીભાઈ તેમજ બીજા બે ઈસમો જેમા એક લાલજીભાઈ જોડે તેઓના દીકરાએ પૈસા લીધેલા કેટલા લીધેલા તેની મને ખબર નથી. અને તેઓના દીકરાએ રાખેલ ગાયો મરણ જતા મારો દીકરો કોર્ટમા હાજર પાંચેય અરોપીઓને પૈસા આપી શકેલ નહી જેથી કોર્ટમાં હાજર આરોપીઓ વારફરતી અમારે ત્યા પાચ દીવસ અમારે ત્યા આવેલા. અને તેઓના દીકરાએ લીધેલ પૈસા બાબતે અમારે ત્યા આવતા હતા અને તેઓના પતિ ગોવીંદભાઈ સાથે મળતા હતા અને વાત કરતા હતા અને તેઓના પતિને ધમકી આપતા હતા કે, ગાડીની ચાવી આપી દો, ઘર વેચી દો, તેવી ધમકી આપતા હતા અને બોલાચાલી કરતા હતા. આજથી આશરે ચાર વર્ષ અગાઉ સવારના તેઓના પતિ ગોવીંદભાઈ નાઓ ઘરેથી કોઈના કીધા વીના નીકળી ગયેલા અને સાંજના અમોને જાણવા મળેલ કે તેઓના પતિ ગોવીંદભાઈ નાઓએ

નહેરમા પડી મરણ ગયેલાનુ વીગત જાણેલી. તેઓના પતિ ગોવીંદભાઈ નાઓ કોર્ટમા હાજર આરોપીઓના ત્રાસના કારણે નહેરમા પડી આપઘાત કરેલ. ત્યારબાદ બાદ તેઓના પતિની લાશનુ પી.એમ.થયેલ અને બીજા દિવસે લાશ અમોને સોપતા તેની અંતિમ વિધિ કરેલ પોલીસે બનાવ સબંધે તેઓની પુછપરછ કરેલી.

૧૩.૧ સદર સાહેદની આરોપી નં.૧ થી ૩ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ પાસેથી તેઓના પતિએ કોઈ પૈસા લીધેલા નહી. આરોપીઓ સાથે જે કોઈ નાણાકીય વહીવટ હતો તે તેઓના દીકરાનો હતો. તે વાત ખરી છે કે, મે તેઓના પોલીસ જવાબમાં એવુ લખાવેલ કે," અવાર નવાર તેઓના દીકરા પાસે ઉઘરાણી કરતા હતા જે હકીકત મારો દીકરો અમોને ઘરમા જણાવતો હતો." તે વાત ખરી છે કે, તેઓના પતિ નહેરમા પડી ગયા તે અગાઉ પોલીસમા કોઈ ફરીયાદ કરેલી નહી. મારો દીકરો પશુપાલન સીવાય બીજો શુ ધંધો કરતો હતો તે હુ જાણતી નથી. તે વાત ખરી છે કે, મારો દીકરો કાર તથા એકટીવા રાખતો હતો. તે વાત ખરી છે કે, ગાયો મરી જતા તેઓના દીકરાને દેવુ થઈ ગયેલ તે તેઓના પતિને ગમેલ નહી. તે વાત ખરી છે કે, તેઓના પતિ પ્રામાણીક અને લાગણી શીલ હતા. તે વાત ખરી નથી કે, તેઓના દીકરાના દેવાની તેઓના પતિ ઉપર માનસીક અસર થયેલ અને તેઓની દવા પણ ચાલતી હતી. મને

એ વાતની જાણ નથી કે, તેઓના પતિએ તેઓની તબીયતના કારણે તેમની નોકરીમાંથી વહેલુ રાજીનામુ મુકેલુ. વી.સી.એટલે શુ તે હુ જાણતી નથી. તે વાત ખરી છે કે, આરોપીઓએ જો આ પૈસા પાછા માગ્યા ના હોત તો આ બનાવ બનત નહી. તે વાત ખરી છે કે, તેઓના ઘરો ખર્ચ તેઓના પતિ ચલાવતા હતા. તે વાત ખરી છે કે, તેઓના પતિએ તેઓના દીકરાને કહેલ કે, આ બધા ધંધા છોડી દે અને આપણો પશુપાલનનો ધંધો કર. તે વાત ખરી છે કે, તેઓના દીકરાએ તેઓના પતિનુ કહ્યુ માન્યુ હોત તો આ બનાવ બનત નહી. તે વાત ખરીનથી કે, આરોપીને ત્રાસના કારણે આ બનાવ બન્યાની વીગત ખોટી જણાવુ છુ.

૧૩.૨ સદર સાહેદની આરોપી નં.૪ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓના દીકરાએ ખેડા વાળા સોની પાસેથી પૈસા લીધેલા તેની વાત મને કરેલી નહી.

૧૩.૩ સદર સાહેદની આરોપી નં.૫ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં તે વાત ખરી નથી કે, તેઓના દીકરાને દેવુ થઈ જતા તેને ફાયનાન્સ કંપનીમા નોકરી ચાલુ કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે નોકરી અગાઉ કરતો હતો. આ નોકરી તેઓના દીકરાને કોણે અપાવેલી તે હું જાણતી નથી. તે વાત ખરી છે કે, તેઓના દિકરાએ

નિલેશભાઇ પાસેથી પૈસા લીધેલ હોય તેની જાણ મને કરેલ નથી.

**(૧૪) આ કામમાં ફરીયાદપક્ષે આંક–૩૨ થી સાહેદ નેહાબેન કૌશલભાઈ રબારીને તપાસેલા છે તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,** તેઓને સંતાનમાં બે બાળકો છે. તેઓની બે નણંદો છે, જે બંનેના લગ્ન કરેલ છે અને તેઓ તેમની સાસરીમાં રહે છે. તેણી તેઓના પતિ તથા સાસુ સાથે રહે છે અને તેઓના સસરા ગોવિંદભાઈ હતા. તેઓના પતિ ગાયો ભેંસોના પશુપાલનનું કામ કરે છે અને સાથેસાથે તેઓના પતિ ઘરની દલાલીનું તેમજ મકાન ભાડે અપાવવાની દલાલીનું કામ કરે છે. સને ૨૦૧૯ ની સાલમાં તેઓના પતિને ધંધામાં પૈસાની જરૂર પડતાં નડિઆદના નિલેશભાઈ પ્રજાપતિ પાસેથી રૂ.૫૦,૦૦૦/– ધંધા માટે ઉછીના લીધેલ હતા. જે રકમ ૫ ટકાના વ્યાજે લીધેલ હતી. તેઓના પતિને ધંધામાં ખોટ આવતા તેઓના પતિને પૈસાની જરૂર પડતા નિલેશભાઈનાઓએ લાલજીભાઈ ભરવાડ સાથે ઓળખાણ કરાવેલ અને તેઓ પાસેથી રૂ.૧,૦૦,૦૦૦/– ૧૦ટકા વ્યાજે તેઓના પતિએ લીધેલા. ત્યારબાદ વ્યાજ ચૂકવી ન શકતા અને પશુપાલનના ધંધામાં ગાયો ભેંસો મરણ જતા પૈસા સમયસર ચૂકવી શકેલા નહીં અને તેઓને પૈસાની જરૂર પડતાં તેઓના સોનાના દાગીના રોનકભાઈ પટેલના ત્યાં મૂકી રૂ.૫,૦૦,૦૦૦/– ૫ ટકાના વ્યાજે તેઓ પાસેથી તેઓના પતિએ લીધેલા અને તેઓના પતિ આ લોકોને સમયસર વ્યાજ તથા રકમ ચૂકવી

ન શકતા તેઓના ઘરે આરોપીઓ અવારનવાર ઉઘરાણી કરવા માટે આવતા હતા અને તે વખતે તેઓના સસરા સાથે તેઓને વાતચીત થતી અને ઓળખાણ થયેલી. તેઓના સસરા તેઓને જણાવતા હતા કે અમે પૈસા ચૂકવી દઈશુ. તેમ છતાં તેઓ અવારનવાર તેઓના ઘરે આવતા હતા અને આ આરોપીઓ તેઓના સસરાને જણાવતા હતા કે ઘરબાર વેંચાવી દઈશુ અને બૈરાને ઉઠાવી જઈશુ. તેઓના સસરાને આવી રીતે ધમકી આપતા હોઈ તેઓ ઘરે આ બધી વાત અમને કરતાં હતા. ત્યારબાદ ગઈ તા.૦૬/૦૩/૨૦૧૯ ના રોજ સવારના લગભગ સાડા આઠથી નવના અરસામાં તેઓના સસરા ગોવિંદભાઈ ઘરેથી કહ્યાવિના નિકળી ગયેલા. ત્યારબાદ સાંજના લગભગ સાડા પાંચ છ વાગ્યાના સુમારે અમને સમાચાર મળેલ કે તેઓના સસરા નહેરમાં પડીને આત્મહત્યા કરેલ છે અને તેઓની નહેરમાંથી લાશ મળેલ છે અને તેઓના સસરાની લાશ પરથી તેમના ખિસ્સામાંથી એક ચીઠ્ઠી મળેલી જેમાં આરોપીઓના નામ લખેલા હતા. ત્યારબાદ આ બનાવ સંબંધે ફરીયાદ તેઓના પતિ કૌશલભાઈનાઓએ આપેલ. પોલીસે બનાવ સંબંધે મારું નિવેનદ નોંધેલ. હું પાંચેય આરોપીઓને ઓળખુ છું, જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે.

૧૪.૧ સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં હું આઠ ધોરણ ભણેલી છું. મને ગુજરાતી લખતા

વાંચતા આવડે છે. આરોપીઓ પાસેથી નાણાં તેઓના પતિએ લીધેલા. એ વાત ખરી છે કે, તેઓના સસરાએ આરોપીઓ પાસેથી કોઈ નાણાં લીધેલા નહીં. એ વાત ખરી છે કે, તેઓના પતિ હાલ હયાત છે. તેઓના પતિએ આરોપીઓ પાસેથી ૫ ટકા અને ૧૦ ટકા વ્યાજે નાણાં લીધા હોય તે બાબતનું કોઈ લખાણ છે કે કેમ તેની મને ખબર નથી પરંતુ, તેઓની પાસે આવુ કોઈ લખાણ નથી. આરોપીઓ પાસેથી નાણાં લીધા હોય અને તે નાણાંમાંથી કોઈપણ રકમ કોઈપણ આરોપીને પરત આપી હોય તેવુ કોઈ લખાણ તેઓની પાસે નથી. સદર સાહેદને પુછવામાં આવેલ સવાલઃ આરોપીઓ ધમકી આપતા તે બાબતે તેઓના સસરા ઘરે આવીને જાણ કરતાં હતા? તેના જવાબમાં આરોપીઓ તેઓના ઘરે આવતા હતા અને સાંજે જમવા બેસીએ ત્યારે તેઓના સસરા ધમકી આપેલાની વાત કરતાં હતા. એ વાત ખરી નથી કે, તેઓના પતિએ આ કામના આરોપીઓ સિવાય અન્ય ઈસમો પાસેથી પણ નાણા ઉછીના લીધા હતા. એ વાત ખરી નથી કે, તેઓના સસરા માનસિક રોગથી પીડાતા હતા અને ડો. પરીદ્ર દેસાઈ ની દવા લેતા હતા. તેઓના સસરા નગરપાલિકામાં શિક્ષણ વિભાગમાં નોકરી કરતા હતા. એ વાત ખરી નથી કે, તેઓના સસરાએ તેઓની માનસિક બિમારીના કારણે વહેલા નિવૃત્તી લીધેલી. મને એ વાતની ખબર નથી કે, બેંકમાં ઓછા વ્યાજે નાણાં મળતા હોવા છતાં તેઓના પતિએ આરોપીઓ પાસેથી વધુ વ્યાજે નાણાં કેમ લીધેલા. મને આરોપીઓ પૈકી કોણ કાયદેસરના નાણાં ધીરધારનું લાયસન્સ ધરાવે છે

તે વાતની ખબર નથી. એ વાતની મને ખબર નથી કે, રોનકભાઈ કાયદેસરનું સરકાર માન્ય નાણાં ધીરધારનું લાયસન્સ ધરાવે છે. એ વાત ખરી છે કે, આરોપી લાલજીભાઈ ભરવાડનાઓએ અમોને કોઈ નાણાં આપ્યા હોય તેવું બનેલ નહીં. અમે પશુપાલનના ધંધા અંગે ગાય ભેંસ ખરીદેલ હોય તે બાબતનો દસ્તાવેજી પુરાવો પોલીસને આપેલ હોય તેવું બનેલ નથી. તેઓની પાસે એક્ટીવા હતુ પરંતુ, તે એકટીવા લેવા માટે રૂ.૫૦,૦૦૦/– કોઈ આરોપી પાસેથી અમોએ ધીરાણ લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાતની મને ખબર નથી કે, તેઓના પતિએ કાયદેસરના આરોપી પાસેથી નાણાં લીધેલ હોય અને તેની ચૂકવણી પેટે તેઓના પતિએ આરોપીને ચેક લખી આપેલ હોય. આરોપીઓ તેઓના ઘરે કઈ તારીખે અને ક્યારે આવ્યા તે બાબતે હું કહી શકું તેમ નથી. એ હું કહી શકું નહીં કે, આરોપીઓ દ્વારા આપવામાં આવેલ નાણાં જો છોડી દેવામાં આવે તો મારે તેઓ વિરુદ્ધ કોઈ આક્ષેપ નથી. તે બાબતે મારે તેઓના પતિને પુછવુ પડે. એ વાત ખરી નથી કે, તેઓના પતિ કશુ કમાતા ન હતા અને નાણાં વેડફતા હોવાથી તેઓના ત્રાસના કારણે તેઓના સસરાને આત્મહત્યા કરેલી. એ વાત ખરી નથી કે, તેઓના સસરાના ખીસ્સામાંથી જે ચીઠ્ઠી નીકળેલી તે તેઓના પતિએ લખીને મુકી દીધેલી.

**<u>મેડીકલ ઓફિસરશ્રીનો પુરાવો :</u>**

**(૧૫)** આ કામમાં ફરીયાદપક્ષ ધ્વારા મરણજનાર ગોવિંદભાઈ વિરમભાઈ

રબારીનું પી.એમ. કરનાર સાહેદ નં.૧૨ **ડો. હિરલ દશરથભાઈ શર્મા પટેલને આંક–૬૩** થી તપાસેલા છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૦૭/૦૩/૨૦૧૯ ના રોજ તેઓ મેડી.ઓફિસર તરીકે નડીયાદ સિવિલ હોસ્પીટલ ખાતે તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે નડીયાદ રૂરલ પોલીસની યાદી સાથે મરણજનાર ગોવિંદભાઈ વિરમભાઈ રબારી નાઓની લાશનું પી.એમ. કરવા સારૂં લાવેલ જે યાદી આંક–૬૪ થી રજુ કરેલ છે.સદર લાશનું પેનલ ડોકટર પી.વી. સોનીની સાથે પી.એમ. કરવામાં આવેલ, સદર લાશ ઓળખાયેલી હતી, જેની ઉંમર ૪૫ થી ૫૫ વર્ષની હતી જેના શરીરે સ્કાય બ્લ્યુ શર્ટ આખી બાંયનું તથા બ્લ્યુ કલરનું પેન્ટ તથા સફેદ રૂમાલ ખીસ્સામાં જોવા મળેલ તેના કપડા ભીના અને માટીથી ખરડાયેલા હતા, શરીર ઠંડુ પડી ગયેલ હતુ અને આખા શરીરે રાઈગર મોર્ટીસની હાજરી હતી અને બરડાના પાછળના ભાગે પી.એમ. લીવીડીટી જોવા મળેલી. નાકમાંથી રકતસ્ત્રાવ થતો હતો, હાથના નખમાં માટી અને કાદવની હાજરી હતી, હાથ–પગના નખ બ્લ્યુ કલરના થઈ ગયેલા હતા, ચામડી ફોગાઈ ગયેલી હતી, લાશના શરીરના કોઈ ભાગે ઈજા જોવા મળેલી નહીં કે કોઈ અસ્થિભંગ જણાઈ આવેલ નહીં. લાશની આંતરિક તપાસ કરતા મગજ, ફેફસા, શ્વાસનળી, અન્નનળી, યકૃત, બરોળ, અંડાશય, મુત્રપીંડ કન્જેસ્ટેડ થઈ ગયેલા હતા.કેમીકલ એનાલીસીસ માટે બોટલ ''એ'' માં હોજરી, નાનું આંતરડું તથા બોટલ ''બી'' માં લીવરના ટુકડા તથા સ્પ્લીન, કીડની, ફેફસાં, મગજના ટુકડા

કલેકટ કરેલા હતા. હીસ્ટોપેથોલોજીકલ એનાલીસીસ માટે બોટલ ''સી'' માં લોહી તથા બોટલ ''ડી'' માં યકૃત, સ્પ્લીન, કીડની, ફેફસા, મગજ તથા હૃદયના ટુકડા કલેકટ કરેલા હતા. બોટલ ''ઈ'' માં સ્ટર્નલ બોર્ન કલ ેકટ કરેલ હતા. મૃત્યુનું સંભવિત કારણ પાણીમાં ડુબી જવાથી શ્વાસ રૂંધાય જવાથી થયેલાનું હતું અને મૃત્યુનું ચોકકસ કારણ જાણવા માટે કેમીકલ એનાલીસીસ અને હીસ્ટોપેથોલોજીકલ એનાલીસીસ માટે નમુનાઓ મોકલવામાં આવેલા હતા. વધુમાં જણાવે છે કે, નિ.૭/૧૫ થી રજુ એફ.એસ.એલ. અહેવાલ બતાવતા તે જોતા કોઈ રાસાયણિક ઝેરની હાજરી જોવા મળેલ નહી. જે અંગેનો પી.એમ. રીપોર્ટમાં તેઓની અને પેનલ ડૉ.પી.વી. સોનીની સહી ઓળખી બતાવી આંક–૬૫ થી રજુ કરેલ છે.

૧૫.૧ સદર ડોકટર સાહેદની આરોપી નં.૧ થી ૩ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસ, આરોપી નં. ૪ ના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરેલ છે. સદર સાહેદે તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, શબ મારી પાસે પી.એમ. થવા સારું આવેલ ત્યારે તેના કપડાં ભીના હતા. એ વાત ખરી છે કે, તે શબના કપડાંના ખીસ્સામાં કોઈ ચીજવસ્તુ છે કે કેમ તે અંગે તપાસ કરેલી જેમાં લાશના પેન્ટના ખીસ્સામાંથી એક સફેદ કલરનો રૂમાલ મળી આવેલો અને તે સિવાય અન્ય કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહી. એ વાત ખરી છે કે, પી.એમ.નોટનું કોલમ નં.૧૭ જોતા મરનારના શરીર પર કોઈ બાહ્ય ઈજા

ન હતી. એ વાત ખરી છે કે, પી.એમ.નોટનું કોલમ નં.૨૧ જોતા મરનારની હોજરીમાંથી અર્ધપચેલો ખોરાક મળી આવેલો. એ વાત ખરી છે કે, મરનારની હોજરીમાંથી અર્ધપચેલો ખોરાક મળી આવેલ તેથી એવું તારણ કરી શકાય કે મરનારે મૃત્યુ પહેલા ભોજન આરોગ્યું હશે. એ વાત ખરી છે કે, કોઈ વ્યકિત અકસ્માતે નહેરમાં પડી જાય તો પણ આંક–૬૫ વાળી પી.એમ.નોટમાં જણાવેલ અવલોકનો આવી શકે. એ વાત ખરી છે કે, મરનારના મૃત્યુ બાબતે પી.એમ. નોટમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નહી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કેમીકલ એનાલીસીસ અને હીસ્ટોપેથોલોજીક એનાલીસીસનો રીપોર્ટ બાકી હતો. એ વાત ખરી છે કે, મેં કેમીકલ એનાલીસીસનો રીપોર્ટ જોયેલો પરંતુ હીસ્ટોપેથોલોજીકલ રીપોર્ટ આવેલ ન હોય આજદિન સુધી મેં જોયલો નથી. એ વાત ખરી છે કે, મરનારના મૃત્યુનું આખરી અને સચોટ કારણ હીસ્ટોપેથોલોજીકલ રીપોર્ટ જોઈએ તો કહી શકાય. એ વાત ખરી છે કે, હીસ્ટોપેથોલોજીકલ રીપોર્ટ હદયની નળીઓમાં બ્લોકેજ હોય અને તેના કારણે કાર્ડીયાક એરેસ્ટથી મૃત્યુ થયુ હોય કે કેમ તે જાણવા માટે કરવામાં આવતો હોય છે.

૧૫.૨ સદર ડોકટર સાહેદની આરોપી નં.૫ ના વિ.વ.શ્રીએ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, કોઈ વ્યકિત પાણીની અંદર ડુબીને મરી જાય તો તેનું મ્હોં હંમેશા ખુલ્લું રહે છે. એ વાત ખરી છે કે, રાઈગર મોર્ટીસ આખા શરીરે હાજર

હોય તો એવું માની શકાય કે મરનારનું મૃત્યુ ૨૪ થી ૩૬ કલાક દરમિયાન થયેલું હોઈ શકે. પી.એમ. શરૂ કરતા પહેલા ઈન્કવેસ્ટ પંચનામાનો અભ્યાસ કરેલો. પી.એમ. દરમિયાન એફ.એસ.એલ.માં મોકવાના નમુનાઓ મેં કલેકટ કરેલા. પી.એમ.નોટના પાના નં.૮ ઉપર જણાવેલ તમામ વિગતો એ.ડી. નંબર સાથે અમે પોલીસ સ્ટેશનને મોકલી આપેલ છે જેની નોંધ અમે પી.એમ.નોટના આખરના પાના ઉપર કરેલ છે જેમાં મારી અને ડૉ.સોનીની સહી છે. એ વાત ખરી છે કે, પી.એમ. કર્યા બાદ પી.એમ.નોટ લખવામાં કોઈ ભુલ કરેલી નથી. લાશના પી.એમ. બાબતે તા.૬/૩/૨૦૧૯ના રોજ અમે કોઈ કાર્યવાહી કરેલી નથી. પી.એમ. દરમિયાન લાશનું પી.એમ. ડૉ. સોની સાહેબ નાઓ કરતા હતા અને તેની નોંધ હું કરતી હતી અને તે દરમિયાન મેં કોઈ કાચી નોંધ બનાવેલ નથી અને સીધી પી.એમ.નોટ જ લખેલી છે. એ વાત ખરી નથી કે, મેં ઈન્કવેસ્ટ પંચનામાને આધારે આ ખોટી પી.એમ.નોટ તૈયાર કરેલી છે.

**<u>એફ.એસ.એલ. અધિકારીનો પુરાવો :</u>**

(૧૬) **આ કામમાં ફરીયાદપક્ષે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં. ૧૦ ડો. દક્ષા જીતેન્દ્રકુમાર શાહને આંક-૪૮ થી તપાસેલા છે તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,** તેણી છેલ્લા ૨૭ વર્ષથી હસ્તાક્ષર નિષણાંત તરીકે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે અને તેઓએ એમ.એસ.સી કેમેસ્ટ્રી, પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન

ફોરેન્સીક ડોક્યુમેન્ટ એક્ષામીનેશનનો દોઢ વર્ષનો ન્યુ દીલ્હી, એન.આઈ.સી એફ એસ ખાતે તાલીમ લીધેલ. હસ્તાક્ષર સાયન્સમાં પી.એચ.ડી. કરેલ છે. તેઓની ફરજ દરમિયાન ઘણા બધા દસ્તાવેજોની વૈજ્ઞાનિક પરીક્ષણ કરી અભિપ્રાય આપેલ છે તથા જુદી–જુદી કોર્ટમાં જુબાની આપેલ છે. આ કેસ પોલીસ અધિક્ષક ખેડા–નડિઆદના પત્ર નં.એલસીબી/દસ્તાવેજ/૦૪/૨૭૮/૨૦૧૯, તા.૦૯/૦૪/૨૦૧૯ તરફથી અમારી કચેરીને મળેલ જેમાં પોલીસ ઈન્સપેક્ટર નડિઆદ રુરલ પો.સ્ટે. ના પત્ર નં.૬૫૮/૧૯, તા.૦૭/૦૪/૨૦૧૯ ના પત્ર સાથે અસલ દસ્તાવેજ તેઓની કચેરી વૈજ્ઞાનિક તપાસણી માટે મળેલ જેમાં ૧. તકરારી દસ્તાવેજ માર્ક ડી–૧ તથા કુદરતી દસ્તાવેજ માર્ક એન–૧ થી એન–૫૫ તપાસણી સારુ મળેલ. ઉપરોક્ત દસ્તાવેજની ઝિણવટભર્યુ વૈજ્ઞાનિક પરીક્ષણ કરી નીચે મુજબનો અભિપ્રાય આપેલ."લાલ સર્કલ કરેલ તકરારી લખાણ અને સહી માર્ક ડી–૧ અને વાદળિ સર્કલ કરેલ કુદરતી લખાણ માર્ક એન–૧ થી એન–૫૫ એકજ વ્યક્તિએ લખેલ છે." જે અભિપ્રાય નીચે તેઓની સહી અને હોદ્દો જણાવેલ છે તથા તેઓની સહ અધિકારી શ્રી એ ડી સોલંકીની સહી કરેલ અને હોદ્દો જણાવેલ છે. નિ.૭/૧૭ વાળુ ઓપીનીયન વાળો પત્ર બતાવવામાં આવે છે જેમા તેઓની તથા તેઓની સાથેના સહ અધિકારી એ ડી સોલંકિનાઓની સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–૪૯. નિ.૭/૧૬ વાળો પોલીસ અધિક્ષકશ્રી ખેડા–નડિઆદનાઓને લખેલ ફોરવર્ડિંગ

લેટર બતાવવામાં આવે છે જેમા અંતે તેઓના કચેરીના અધિક નિયામક નાઓની સહી છે જે સહી તેઓ ઓળખી બતાવે છે જે આંક–૫૦ થી રજુ કરેલ છે. આંક–૨૧ વાળી સુસાઇડ નોટ બતાવવામા આવે છે જે તેઓની સમક્ષ માર્ક–ડી/૧ થી તપાસણી માટે આવેલ જે તે જ છે જે ઓળખી બતાવે છે. આંક–૨૦ વાળી હિસાબની નોટ એન–૧ થી એન–૫૫ સુધીની રજુ થયેલ છે જે તેઓની સમક્ષ કુદરતી અક્ષરો તરીકે રજુ થયેલ તે તે જ છે જે ઓળખી બતાવે છે. ઉપરોક્ત અભિપ્રાય પર આવવાના વૈજ્ઞાનિક કારણો. આજરોજ તેઓની સાથે લાવેલ છે જે આંક–૫૧ થી રજુ કરેલ છે.

૧૬.૧ સદર સાહેદની આરોપી નં. ૧ થી ૪ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે, આ કામમાં જે કઈ પરીક્ષણ કરવામાં આવ્યુ તે તેઓના દ્વારા કરવામાં આવેલુ તે સમયે તેઓના ઉપલા અધિકારી એ ડી સોલંકી સાહેબની હાજરી ન હતી. એ વાત ખરી છે કે, જ્યારે પણ અમે હસ્તાક્ષર નિષ્ણાંત તરીકે પરીક્ષણ કરીએ ત્યારે પહેલા એક કાગળ ઉપર નોંધ કરીએ છીએ અને ત્યારબાદ તેનો કમ્પ્યુટર રીપોર્ટ તૈયાર કરીએ છીએ. એ વાત ખરી છે કે, પરીક્ષણ દરમિયાન જે કાગળ ઉપર મે નોંધ કરેલી તે તેઓએ તપાસ દરમિયાન પોલીસને રજુ કરેલ નથી. એ વાત સાથે હું સંમત નથી કે, કાગળ ઉપર જે નોંધ કરી તે અસલ પરીક્ષણ રીપોર્ટ અને આંક–૫૧ વાળો જે રીપોર્ટ

આપ્યો તે તેની નકલ કહેવાય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કાગળ પરની નોંધ તે કાચી નોંધ ને આંક-૫૧ નો રીપોર્ટ તે પાક્કી નોંધ છે. એ વાત ખરી છે કે, પરીક્ષણ દરમિયાન પ્રારંભિક તબક્કે જે કાચી નોંધ તૈયાર કરેલી તે આજરોજ હુ લાવેલ નથી. હુ એ વાત સાથે સંમત નથી કે, એક જ કુટુંબના સભ્યોના હસ્તાક્ષર ના શબ્દોના મરોડ સરખા આવી શકે. એ વાત ખરી છે કે, આંક-૪૯ ના અભિપ્રાય વાળા રીપોર્ટમાં કઇ વૈજ્ઞાનિક પદ્ધતિથી પરીક્ષણ કરી અભિપ્રાય આપવામાં આવેલ છે તે જણાવેલ નથી. મને એ વાતની જાણ નથી કે પોલીસે મને પરીક્ષણ માટે મોકલેલ દસ્તાવેજ કોની જોડેથી અને કેવી રીતે કબજે કરેલો તેઓના કહેવા પ્રમાણે તે તપાસનો વિષય છે. એ વાત ખરી નથી કે, સમગ્ર પરીક્ષણ તેઓના ઉપલા અધિકારી સોલંકી સાહેબે કરેલુ અને તેમની નોંધ પ્રમાણે હુ અદાલતમાં જુબાની આપુ છું.

૧૬.૨ સદર સાહેદની આરોપી નં. ૫ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી નથી કે, ગુજરાતી વ્યાકરણમાં આવતા કાનો, માત્ર, દીર્ઘઇ, રસ્વઇ, દીર્ઘઉ અને રસ્વઉ, કોમન આવે છે. મે કોઇ દિવસ ભીના કાગળનું પરીક્ષણ કરેલ નથી. એ વાત ખરી છે કે, ભીના થયેલા કાગળમાં લખેલા અક્ષરો સ્પ્રેડ થઇ શકે. એ વાત ખરી છે કે, આંક-૨૧ વાળિ સુસાઇડ નોટમાં લખેલા અક્ષર પાણિના કારણે સ્પ્રેડ થયેલાનુ જણાઇ આવતુ નથી. એ વાત ખરી છે કે, મે જે ઓપીનીયન

આપ્યો તે આંક–૪૯ માં આંક–૫૧ ની કોઇ વિગત મે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૫૧ માં દર્શાવેલી વિગત વાળો દસ્તાવેજ મે પોલીસને પણ આપેલો નથી. એ વાત ખરી છે કે, તેઓના ઉપલા અધિકારી શ્રી એ. ડી. સોલંકી આ કામે શુ તપાસ કરેલ તેની વિગત ઓપીનીયન માં કે આંક–૫૧ માં લખવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, આંક–૪૯ નો રીપોર્ટ શ્રી એ. ડી. સોલંકીનાઓએ તૈયાર કરાઈ તેઓની સમક્ષ મુકતા મે તેમાં સહી કરેલ.

(૧૭) **આ કામમાં ફરીયાદપક્ષે આંક–૩૪ થી સ્યુસાઈડ નોટ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ધર્મેન્દ્રભાઈ ભોગીલાલ શાહને તપાસેલા છે** તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા. ૧૪/૦૩/૨૦૧૯ ના રોજ અમોને નડિઆદ રૂરલ પોલીસનાઓએ નડિઆદ રૂ.પો.સ્ટે. ખાતે બોલાવેલ. તે સમયે તેઓની સાથે એક પટેલભાઈનાઓ હાજર હતા. અમોને ત્યાં ગોવિંદભાઈ વિરમભાઈ રબારીનાઓએ આપઘાત કરેલ અને તેઓએ એક સ્યુસાઈડ નોટ લખેલ જે કબજે લેવાની હોય અમોને પંચોને જણાવતા અમોએ સ્વખુશી બતાવેલ. અમોને ત્યાં એક સ્યુસાઈડ નોટ બતાવેલ. આંક–૨૧ વાળી સ્યુસાઈડ નોટ બતાવવામાં આવે છે, જે પોલીસે અમોને બતાવેલ તેજ છે. તેમજ ગોવિંદભાઈ વિરમભાઈની હિસાબી આંક–૨૩ વાળી એક નોટ બતાવેલ, જે એક ગુલાબી પુઠાવાળી નોટબુક છે, જેના દરેક પાન

ઉપર માર્ક–N(1) થી N (55) સુધીના દરેક પાન ઉપર તેઓની તથા બીજા પંચ પટેલભાઈનાઓની સહી છે, જે સહીઓ હું ઓળખી બતાવુ છું. જેમાં એક પંચ સ્લીપ નિકળેલ છે જેમાં પંચ નં.૧ તરીકે તેઓની તથા બીજા પંચ નં.૨ તરીકે બીજા પંચ પટેલભાઈનાઓની સહી છે, જે સહીઓ હું ઓળખી બતાવુ છું, જે રજૂ દાખલ આંક–૩૫. જે અંગેનું વિગતવારનું પંચનામુ તેઓની હાજરીમાં કરવામાં આવેલ અને અમો પંચોએ તેમાં વાંચીને સહી કરેલ. મને નિ.૭/૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે તેઓની તથા પંચ નં.૨ તરીકે બીજા પંચ પટેલભાઈનાઓની સહી છે, જે સહી તેઓ ઓળખી બતાવી આંક–૩૬ થી રજુ કરેલ છે.

૧૭.૧ સદર પંચ સાહેદની આરોપી નં. ૧ થી ૩ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે, આ બનાવ બનતા પહેલા ગોવિંદભાઈના હસ્તાક્ષર તેઓએ જોયા હોય તેવું બનેલ છે. આ ગોવિંદભાઈ તેઓના પાડોથી હોઉં હું તેઓના ઘરે જતો આવતો હતો. એ વાત ખરી છે કે, ગોવિંદભાઈના કૌટુંબના સભ્યો સાથે મારે નાનપણથી ખુબ સારો સંબંધ છે. મને પોલીસે કહેવાતી સ્યુસાઈડ નોટ અગાઉ કબજે કરેલી કે કેમ તે લાબતે કંઈ કહેલુ નહીં. એ વાત ખરી છે કે. તેઓએ પંચનામામાં પણ એવું કંઈ લખાવેલુ નહીં. એ વાત ખરી છે કે, જો પંચનામામાં એવુ કોઈ લખાણ નિકળે તો તે તેઓએ લખાવેલ નહીં. જે

પંચનામુ તેઓએ લખાવ્યુ તે પોલીસવાળા પેનથી લખતા હતા. મને આંક–૩૬ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, તે ટાઈપ્ડ થયેલ પંચનામુ છે અને તેમાં કહેવાતી સ્યુસાઈડનોટ અગાઉ તપાસ અર્થે કબજે થયેલ છે તેવુ લખાણ પણ લખેલ છે. એ વાત ખરી નથી કે, મરણજનાર સાથે મારો કૌટુંબીક સંબંધ હોય તેઓએ તૈયાર પંચનામામાં પોલીસ સ્ટેશને સહી કરેલી.

૧૭.૨ સદર પંચ સાહેદની આરોપી નં.પ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી નથી કે, તેઓએ આંક–૨૧ વાળી ચિઠ્ઠી પોલીસ સ્ટેશનમાં જોયેલી નહીં. એ વાત ખરી છે કે, આંક–૨૧ વાળી ચિઠ્ઠીની હકિકત કૌશલભાઈના કહેવાથી જાણેલી. એ વાત ખરી છે કે, કૌશલભાઈએ તેમના પિતાની લાશ કેનાલમાંથી મળેલી અને તે લાશના પેન્ટના ખિસ્સામાંથી આ ચિઠ્ઠી મળેલાનું જણાવેલ. એ વાત ખરી છે કે, આ ચિઠ્ઠી ભીની થયેલ હોય તેવુ જણાતુ નથી.

**<u>પંચ સાહેદોનો પુરાવો :</u>**

(૧૮) આ કામે આંક–૧૪ થી ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ સંદિપભાઈ વલ્લભાઈ પટેલને સદર પંચનામાના બીજા પંચ સાહેદ કનુભાઈ ગાંડાભાઈ વાળંદને આંક–૧૬ થી તપાસેલા છે. સદર પંચ સાહેદોએ પંચનામાની લેશમાત્ર હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને

એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૧૫ થી પંચનામું રજુ કરેલ છે.

**(૧૯)** આ કામે આંક–૪૦ થી ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ કિરણભાઇ બકોર તળપદાને સદર પંચનામાના બીજા પંચ સાહેદ કીરીટભાઇ ગગાભાઇ તળપદાને આંક–૩૮ થી તપાસેલા છે. સદર પંચ સાહેદોએ પંચનામાની લેશમાત્ર હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૩૯ થી પંચનામું રજુ કરેલ છે.

**(૨૦) આ કામમાં ફરીયાદપક્ષે પી.એસ.ઓ. સાહેદ નં. ૧૧ ગણપતસિંહ દોલતરાજસિંહ રાજ નાઓને આંક–૫૫ થી તપાસેલા છે તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,**તેઓ તા. ૦૬/૦૩/૨૦૧૯ ના રોજ પી.એસ.ઓ. નડીઆદ રૂરલ પો.સ્ટે.ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ૧૮–૦૦ કલાકે અનાર્મ હે.કો. શનાભાઈ ગોકળભાઈ, બ.નં.૧૫૭૦ નાએ ટેલી. વર્ધી લખાવેલ જેમાં પેટ્રોલીંગ

દરમ્યાન પીપલગથી આખડોલ તરફ જતા મહી કેનાલમાં એક અજાણ્યા પુરૂષની લાશ મળેલ તે સંબંધેની ટેલીફોન વર્ધી આવતા ને નોંધેલ જેના આધારે તેઓએ નડીઆદ રૂરલ પો.સ્ટે. અકસ્માત મોત નં.૧૨/૨૦૧૯ થી સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ. જે સ્ટેશન ડાયરી આંક–પ૬ થી રજુ કરેલ છે. ત્યારબાદ તેઓએ મરણજનારનું ઈન્કવેસ્ટ ભરવા એકઝી. એકઝી. મેજી. નડીઆદ ગ્રામ્યનાઓને યાદી લખેલ. હું આજરોજ તેઓની સાથે ટેલીફોન વર્ધી તથા એકઝી. મેજી. નડીઆદ ગ્રામ્યને લખેલ યાદી લાવેલ છું જે સંયુકત આંક–પ૭ થી રજુ કરેલ છે. ત્યારબાદ અકસ્માત મોત ૧૨/૨૦૧૯ ની તેઓએ પી.એસ.આઈ. નડીઆદ રૂરલ પો.સ્ટે. એમ.એ.વાઘેલાનાઓને સુપ્રત કરેલ.

૨૦.૧ સદર સાહેદની આરોપી નં. ૧ થી ૩ અને પ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં તા.૬–૩–૨૦૧૯ ના રોજ તેઓની નોકરી ૧પ:૦૦ થી ૨૨:૦૦ દરમ્યાન નડીઆદ રૂરલ પો.સ્ટે. ખાતે પી.એસ.ઓ. તરીકે હતી અને તે સમયે સવાભાઈ ગોકળભાઈનાઓએ ટેલીફોન વર્ધી ૧૮:૦૦ કલાકે આપેલી. આ ટેલીફોન વર્ધી તેઓની પાસે આવતા તેની અ.મોત નોંધ નં.૧૨/૨૦૧૯ થી સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.પ૮ થી નોંધ કરેલ. એ વાત ખરી છે કે, સદર એ.ડી.ની નોંધ કરનાર તરીકે સ્ટેશન ડાયરીમાં અમોએ સહી કરેલી. જે એડી.માં તેઓએ સહી

કરી પો.સ્ટે.ના અધિકારીને આપેલ તે અસલ નકલ તેઓ લાવેલ નથી. તેની અસલ નોંધ તેઓની સહીવાળી હુકમ સાથે ત.ક.અમલદાર એમ.એ.વાઘેલાનાઓને આપેલી. સદર ગુન્હાની તપાસ એમ.એ. વાઘેલાનાઓએ કરેલી. એ વાત ખરી છે કે, સવાભાઈ ગોકળભાઈનાઓએ તેમની વર્ધી તથા અ.મોત અંગેની તપાસ તેમણે કરેલી નહી. તેઓએ યાદી કરી જે એકઝી.મેજી.શ્રીને બોલાવેલા તેમને હું કયારેય મળેલ નથી. એકઝી.મેજી.ને લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરવા માટે બોલાવેલા. એકઝી.મેજી.એ લાશનું ઈન્કવેસ્ટ પંચનામું તપાસ કરનાર અમલદારે કરેલ હશે તેની મને ખબર નથી. એ.ડી. નોંધ્યા બાદ તેઓની સીવીલ હોસ્પિટલ જવાનું થયેલ નહી.એ વાત ખરી છે કે, જે અ.મોત તેઓએ દાખલ કરેલ તે ગુન્હામાં પરીવર્તીત કરવા અને એફ.આઈ.આર. રજીસ્ટર કરવા માટે એ.ડી.ના કામે એસ.ડી.એમ.નો કોઈ અભિપ્રાય કે હુકમ મેળવેલો નથી. એ વાત ખરી છે કે, તેવા અભિપ્રાય કે હુકમની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, એ.ડી.ના કામે તપાસ થાય તેમાં લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવા જોઈએ. એ વાત ખરી છે કે, તેવી એ.ડી.ની તપાસના સંપૂર્ણ કાગળો એકઝી. મેજી.નું પંચનામું તથા અસલ એ.ડી.ની નકલ તપાસના કામે સામેલ રાખવા પડે. એ વાત ખરી છે કે, એ.ડી.ના પેપર્સ આજ રોજ પ્રથમ વખત નામ. કોર્ટમાં લાવેલ છું. એ વાત ખરી છે કે, આ એ.ડી.ના કાગળો તેઓએ કયારેય નામ. કોર્ટમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આંક–

૫૭ ની એકઝી.મેજી. નડીઆદ ગ્રામ્યને લખેલ યાદીમાં સમય નોંધેલ નથી. એ વાત ખરી છે કે, એકઝી.મેજી. નડીઆદ ગ્રામ્યને લખેલ યાદીમાં તારીખ અને સમયની નોંધ કરવી આવશ્યક છે. એ વાત ખરી છે કે, જે તેઓએ યાદી એકઝી. મેજી.ને આપેલી તેમાં મળ્યાના સમયની કોઈ નોંધ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૫૭ ની ટેલીફોન વર્ધીમાં મરણજનારની લાશ ફાયરબ્રિગેડનાઓ ધ્વારા કાઢ વામાં આવેલી, તેવી વિગત લખેલ છે. આ ટેલીફોન વર્ધી સવાભાઈ ગોકળભાઈનાઓએ પેટ્રોલીંગ દરમ્યાન આપેલી. એ વાત ખરી છે કે, તે યાદી તે જ દિવસે ૧૮–૦૦ કલાકે આપેલી. જે જગ્યા ઉપરથી લાશ મળેલ તે જગ્યાએથી સીવીલનું અંતર આશરે ૫ કી.મી. છે. જે સ્થળ ઉપરથી આ લાશ કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ સીવીલ હોસ્પિટલમાં લઈ જવા માટે એકાદ કલાક જેટલો સમય લાગે.

૨૦.૨ સદર સાહેદની આરોપી નં. ૪ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે, સવાભાઈ ગોકળભાઈનાઓની તા.૬–૩–૨૦૧૯ ના રોજની ટેલીફોન વર્ધીમાં તેઓ પેટ્રોલીંગમાં હતા તો તે બાબતે પેટ્રોલીંગ બુકની નોંધ તેઓએ તપાસેલ નહી.

**<u>ત.ક.અમલદારનો પુરાવો :</u>**

**(૨૧) આ કામમાં ફરીયાદપક્ષે ત.ક.અમલદાર સાહેદ નં. ૧૩ મનોહરસિંહ અજીતસિંહ વાઘેલા નાઓને આંક–૭૦ થી તપાસેલા છે તેઓ**

**તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,** તા.૦૬/૦૩/૨૦૧૯ના રોજ તેઓ નડીઆદ રૂરલ પો.સ્ટે. ખાતે પો.સ.ઈ. તરીકે ફરજ પર હાજર હતા તે દરમિયાન પી.એસ.ઓ. તરફથી બીટ હે.કો. સવાભાઈ ગોકળભાઈ નાઓ તરફથી લખાવેલ ટેલીફોન વર્ધીની જાણ તેઓને કરવામાં આવેલ જેમાં પીપલગથી આખડોલ તરફ જતી મહી કેનાલ આનંદપુરાની સીમમાં કેનાલમાંથી એક અજાણ્યા પુરૂષ,ઉ.વ.૪૫ આશરેની લાશ મળતા ફાયર બ્રિગેડના માણસો ધ્વારા બહાર કઢાવેલ હોય જે બાબતેની જાણ તેઓને થતા આગળની કાર્યવાહી કરવા સારું સ્થળ પર જઈ લાશને પી.એમ. તથા ઈન્કવેસ્ટની કાર્યવાહી કરવા સારું સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવેલ તથા એકઝી. મેજી.સાહેબ નાઓને ચાદી આપી લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરી લાશનું પી.એમ. કરાવવામાં આવેલ અને ત્યારબાદ પ્રથમ અકસ્માત મોત નોંધ નં.૧ ૨/૨૦૧૯ દાખલ કરેલ તથા બાદ સીવીલ હોસ્પીટલ ખાતે હાજર એબ્યુલન્સના ડ્રાઈવર નાઓ લાશની ઓળખ કરતા, સદરહું મરણજનાર ગોવિંદભાઈ વિરમભાઈ રબારી, ઉ.વ.૫૪ નો હોવાનું જાણવા મળતા તેમના સગાસંબંધીને જાણ કરતા બોલાવવામાં આવેલ. સદરહું મરણ જનારના ખિસ્સામાં એક પ્લાસ્ટીકની થેલીમાં એક ચીઠ્ઠી મળી આવેલ જેને વંચાણે લેતા પાંચ ઈસમોના કારણે વ્યાજના ત્રાસના કારણે સદર ઈસમ કેનાલમાં પાણીમાં પડી આત્મહત્યા કરેલ હોવાનું જણાઈ આવતા તા.૦૬/૦૩/૨૦૧૯ના રોજ કલાક ૨૨:૦૦ વાગ્યે મરણજનારના

દીકરા કૌશલભાઈ ગોવિંદભાઈ રબારી નાઓની ઈ.પી.કો. કલમ ૩૦૬ મુજબની ફરીયાદ લઈ આ કામે વધુ તપાસ હાથ ધરેલી. તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. બાદ, મરણ જનારના કુદરતી લખાણ / હસ્તાક્ષર વાળી એક ડાયરી કબજે કરી તે અંગેનું પંચનામું પંચો રૂબરૂ કરી લીધેલ અને હસ્તાક્ષર નિષ્ણાંતના અભિપ્રાય સારું મોકલી આપેલ. બાદ, આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય આરોપીઓને અટક કરી તેઓ વિરૂધ્ધ તપાસના અંતે ચાર્જશીટ કરવામાં આવેલ. તેઓએ અટક કરેલ આરોપીઓ પૈકી આરોપી નં. ૧,૨,૩,૫ નાઓ ના કોર્ટમાં હાજર છે જેઓને ઓળખી બતાવે છે તથા આરોપી નં.૪ નાઓ કોર્ટમાં હાજર નથી અને તેઓ હાજર હોત તો ઓળખી બતાવત, આ તબકકે આરોપી નં.૪ના વિ.વ.શ્રી દ્વારા આરોપી નં.૪ની ઓળખ અંગે તકરાર ન હોવા અંગે પુરસીસથી જાહેરાત કરેલ છે.

૨૧.૧ સદર ત.ક.અમલદારની આરોપી નં.૧ થી ૩ અને ૫ ના વિ.વ.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં તા.૦૬/૦૩/૨૦૧૯ના રોજ સવારના કલાક ૧૦:૦૦થી રાત્રીના કલાક ૨:૦૦ સુધી તેઓ ફરજ પર હાજર હતા. તા.૦૬/૦૩/૨૦૧૯ના રોજ સવાભાઈ ગોકળભાઈ નાઓ સવારે મને કેટલા વાગ્યે મળેલા તે હું ચોકકસપણે કહી શકું નહી. સવાભાઈ ગોકળભાઈ નાઓ પી.એસ.ઓ.ને જે ટેલીફોન વર્ધી લખાવેલ

તેની જાણ પી.એસ.ઓ. એ મને કરેલી જે કલાક ૧૮:૦૦ની આસપાસ જાણ કરેલી. આ ગુનાની તપાસ ગુનો દાખલ કર્યા બાદ તરત જ તેઓની પાસે આવેલી અને આ વખતે આશરે ૨૨:૦૦ વાગ્યા હશે. સવાભાઈએ જે વર્ધી આપ્યા બાદ મને જાણ થતા બનાવના સ્થળે આનંદપુરા કેનાલ ઉપર હું ૧૫–૨૦ મીનીટ પછી તે દિવસે હું પહોંચેલો જે આશરે સવા છ વાગ્યાના આસપાસ પહોંચેલો. એ વાત ખરી છે કે, ઈન્કવેસ્ટ પંચનામુ તે તપાસના કામે અને ગુનાના કામે મહત્વનો દસ્તાવેજ ગણાય તે હકીકત હું જાણું છું. ઈન્કવેસ્ટ પંચનામુ કરવામાં આવેલ જેમાં લાશ ઉપરથી મળી આવેલ તમામ ચીજવસ્તુઓનું વિગતે લખાણ કરી લેવામાં આવેલ. ઈન્કવેસ્ટ પંચનામા દરમિયાન લાશ ઉપરથી જે ડોક્યુમેન્ટરી એવીડન્સ મળ્યા હોય તો તેની વિગતો પંચનામામાં લખવી પડે તો જ તે અગત્યનું પંચનામુ કહેવાય. હાલ મને યાદ નથી કે, એકઝી.મેજી. નાઓએ ઈન્કવેસ્ટ પંચનામામાં ચીઠ્ઠીમાં લખાયેલ હકીકત તેઓએ વાંચેલ કે કેમ. તેઓની રૂબરૂમાં પણ ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ. જો એકઝી.મેજી. સ્થળ પર આવ્યા ન હોય તો મારે તેઓને જાણ કરવી પડે, હાલના કામે કરી છે કે કેમ તે હું ચોકકસ કહી શકું નહી. એ વાત ખરી છે કે, ચીઠ્ઠીના પંચનામા દરમિયાન કયા કલરની પેનથી વિગત લખાવામાં આવી છે અને તેમાં શું લખવામાં આવ્યું છે તે હકીકત પંચનામામાં લખવી પડે. એ વાત ખરી છે કે, ઈન્કવેસ્ટ પંચનામામાં સ્યુસાઈડ નોટમાં લખાયેલ હકીકત લખવામાં આવે તો તે પાછળથી બદલી શકાય નહી

તેથી લખવામાં આવે છે. એ વાતની મને ખબર છે કે, આવા ગુનામાં જો કોઈ હકીકત પંચનામામાં લખવાની રહી જાય તો ફરીથી પંચનામુ કરવું પડે તે હકીકત હું સારી રીતે જાણું છું. એ વાત ખરી છે કે, સદર ગુનાના કામે બીજું અમે ઈન્કવેસ્ટ પંચનામું કરેલ નથી. ઈન્કવેસ્ટ પંચનામુ તેઓની રૂબરૂમાં લખાયેલું. ઈન્કવેસ્ટ પંચનામા દરમિયાન તેઓએ લાશ જોયેલી. એ વાત ખરી છે કે, લાશના બધા કપડાં ભીના હતા. જે ચીઠ્ઠી મળી આવી તે ચીઠ્ઠી પ્લાસ્ટીકની કોથળીમાં વીંટાળીને લાશના પેન્ટના ખિસ્સામાંથી મળી આવેલ તે કબજે કરેલ. ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હતું તેથી હું સીવીલ હોસ્પીટલમાં લાશ લઈને પહોંચું તે પહેલા સીવીલ હોસ્પીટલમાં પોલીસના માણસો પહોંચી ગયેલા, જે તેઓના કહેવાથી સીવીલ હોસ્પીટલમાં પોલીસના માણસો પહોંચી ગયેલા. એ વાત ખરી નથી કે, હું સીવીલ હોસ્પીટલ પહોંચ્યો તે પહેલા ઈન્કવેસ્ટ પંચનામુ થઈ ગયેલ હતું. આ બનાવ અંગેની એ.ડી.નોંધ પી.એસ.ઓ. માંથી ગુનામાં પરિવર્તિત કરવા માટે લેખિત મંજુરી લેવી પડે પરંતુ અમે મૌખિક મંજુરી લીધેલી જેની નોંધ અમે સ્ટેશન ડાયરીમાં કરેલ નથી. એ વાત ખરી છે કે, આ અંગેની નોંધ તેઓએ તેઓની અંગત ડાયરીમાં પણ કરેલ નથી. એ.ડી.ના કાગળો તપાસના કામે ચાર્જશીટની સાથે સામેલ રાખેલા. એ વાતની મને ખબર નથી કે, એ.ડી.માંથી ફરીયાદમાં ગુનો પરિવર્તિત કરવા માટે મને સત્તા છે કે કેમ. એ વાત ખરી છે કે, આનંદપુરા કેનાલમાં થી લાશને બહાર કાઢવામાં આવેલી તે જગ્યા ઉપર ગુનાને લગતી કોઈ

કાર્યવાહી તેઓએ કરેલ નથી. જે સ્થળ ઉપર લાશ પડેલી હતી ત્યાં દસ–પંદર માણસો ભેગા થયેલા હતા અને તેઓએ તેઓની હાજરીમાં લાશને ઉચકીને ટ્રેકટરમાં મુકેલી. એ વાત ખરી છે કે, લાશ જે જગ્યા પર મળેલી તે સ્થળ પર અમે કોઈ પંચનામુ કરેલું નથી. તા.૦૬/૦૩/૨૦૧૯ના રોજ નડીઆદ છોડીને હું ક્યાંય બહાર ગયેલ હોય તેવું મને યાદ નથી કે કોઈ તપાસ કરવા માટે બહાર ગયેલ હોય તેવું પણ મને યાદ નથી. એ વાત ખરી નથી કે, તા.૬/૩/૨૦૧૯ના રોજ સવારથી રાત્રીના સમય સુધી હું નડીઆદમાં હતો જ નહી. એ હાલ મને યાદ નથી કે, બનાવની તારીખે હું સાંજે છથી સાડા છ પછી નડીઆદમાં દાખલ થયેલો અને ત્યાં સુધી હું નડીઆદ બહાર હતો. એ વાત ખરી છે કે, સ્ટેશન ડાયરીમાં ખોટી નોંધ કરવી એ ગુનો છે. એ વાત ખરી છે કે, મને આંક–૫૬ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે, અનુ.નં.૩૭ થી સવારે ૧૦ વાગ્યે બનાવના દિવસે ના.ગુજરાત હાઈકોર્ટમાં ગયેલો. એ વાત ખરી છે કે, મને આંક–૬૦ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તા.૬/૩/૨૦૧૯ના રોજ કલાક ૧૯:૩૫ વાગ્યે ગુજરાત હાઈકોર્ટમાંથી અમે પોલીસ સ્ટેશને આવેલાની હકીકત લખવામાં આવેલી છે. એ વાત ખરી છે કે, સદર ગુનાની તેઓની તપાસ દરમિયાન ફરીયાદીને દેવું થઈ ગયેલાનું રેકર્ડ પર આવેલું. એ વાત ખરી છે કે, ગુજરનારને પણ કોઈ વ્યકિત સાથે દેવું થયું હોય તેવી હકીકત પણ તેઓની તપાસમાં ખુલવા પામેલી નહી. તા.૧૭/૬/૨૦૧૯ના રોજ તેઓએ ના.કોર્ટમાં સદર ગુનાનું ચાર્જશીટ

કરેલું. એ વાત ખરી છે કે, હેન્ડરાઈટીંગ એકસ્પર્ટના કોઈ ઓપીનીયન તેઓની સમક્ષ આવેલા નથી કે તેઓએ કોર્ટમાં રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે, કોઈ પણ પ્રકારની પેનથી કાગળમાં લખવામાં આવેલ હોય અને તે કાગળ પાણીથી પલળે તો તેના અક્ષરો સ્પ્રેડ થાય. એ વાત ખરી છે કે, જીવિત વ્યકિતના કિસ્સામાં પ્લાસ્ટીકની થેલીમાં કોઈ પણ અક્ષરથી લખાયેલ ચીઠ્ઠી માણસો પાણીમાં પડી મૃત્યુ પામે ત્યાં સુધી પાણીમાં હોય તો તેવી ચિઠ્ઠીમાં અક્ષરો સ્પ્રેડ થાય. એ વાત ખરી છે કે, કોથળી પેક હોય અને પાણીમાં રહે તો બાષ્પીભવનને કારણે ચીઠ્ઠીમાં ભેજ આવે અને તેના કારણે અક્ષરો સ્પ્રેડ થાય. એ વાત ખરી છે કે, તેઓએ ચીઠી જોયેલી. એ વાત ખરી છે કે, આ ચીઠ્ઠીમાં કોઈ અક્ષરો સ્પ્રેડ થયેલા જણાઈ આવેલા નથી. એ વાત ખરી છે કે, જે કોથળીમાંથી ચીઠ્ઠી મળી આવેલ તે કોથળી ઝીપ-લોક વાળી પણ ન હતી. ગુજરનાર વ્યકિત નગરપાલિકામાં નોકરી કરતા હતા કે નિવૃત હતા કે કેમ તેની મને ખબર ન હોવાથી તે અંગેની તપાસ કરેલી નહી. તેઓએ તપાસના કામે સ્થળ પરથી લાશ ટ્રેકટરમાં મુકી તે વખતે પંદરેક માણસો હાજર હતા તેના કોઈ નિવેદનો તેઓએ લીધેલા નહી.એ વાત ખરી છે કે, લાશના ખિસ્સામાંથી પી.એમ. દરમિયાન કાદવ-કીચડના અવશેષો મળી આવેલા પણ તેવા કોઈ અવશેષો ચીઠ્ઠીમાંથી કે કોથળીમાંથી જણાઈ આવેલા નહી. એ વાત ખરી છે કે, એ.ડી.ના કામે કોઈ સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે, જે લાગતા વળગતા

સાહેદોના નિવેદનો લીધેલા તે ફરીયાદીના ઘરના માણસો જ હતા.એ વાત ખરી છે કે, તેઓની તપાસ દરમિયાન આરોપીઓ કે ફરીયાદી સાથે કોઈ પણ પ્રકારની આર્થિક લેવડદેવડ થઈ હોય તે અંગેના કોઈ પુરાવા તેઓની તપાસ દરમિયાન મળી આવેલા નહી કે આવા કોઈ પુરાવા ફરીયાદીએ તેઓની સમક્ષ રજુ પણ કરેલા નથી.

૨૧.૨ સદર ત.ક.અમલદારની આરોપી નં.૪ તરફે વિધ્વાન વકીલશ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે, આ કામમાં ફરીયાદ પણ તેઓના રૂબરૂની છે અને ગુનાની તપાસ પણ તેઓએ જ કરેલી છે. એ વાત ખરી છે કે, પી.એમ. માટે લાશને સીવીલ હોસ્પીટલમાં લાવ્યા ત્યારે તેના સગાસબંધીઓએ લાશની પાસે જઈને લાશને ઓળખેલી. એ વાત ખરી છે કે, તેઓની તપાસ દરમિયાન ગુજરનાર સાથે આરોપીઓએ કોઈ લેવડદેવડ કરેલ હોય તેવું ખુલેલુ નહીં.

૨૧.૩ આમ, તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોવામાં આવે તો તેઓએ ગુનાના કામે તેઓએ ફરીયાદીની ફરીયાદ અનુસંધાને સદર ગુનાને લગત તપાસ સોંપવામાં આવતા તેઓએ ગુનાને લગતી તપાસ કરેલ હોવાનું જણાઈ આવે છે. વિશેષમાં આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં તેઓએ ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને અનુરૂપ પુરાવો આપેલ છે.

**<u>મુલ્યાંકન :–</u>**

(૨૨) ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓના આધારે તથા પ્રસ્તુત કેસની હકીકતો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓ પાસેથી ફરીયાદીએ વ્યાજે નાણાં લીધેલ પરંતુ ફરીયાદીને ધંધામાં ખોટ આવવાના કારણોસર સદર નાણાં વાયદા પુરો થવા છતાં નાણાં ભરપાઈ કરી શકેલ નહીં. જેથી આ કામના આરોપીઓ એકબીજાના મિત્ર થતા હોય નાણા ધીર ધારનું કામ કરતા હોય તેની ઉઘરાણી આરોપીઓ કડક રીતે ધમકીઓ આપી કરતા હોઈ ફરીયાદીના ઘરે અવારનવાર જઈ ફરીયાદી તેમજ તેના મા–બાપ તથા ફરીયાદીના પત્નીને ગમેતેમ બોલી, ધાકધમકીઓ આપી, ટોર્ચરીંગ કરતા હોય ફરીયાદીના પિતા મરણજનાર ગોવિંદભાઈથી આરોપીઓનો ત્રાસ સહન ન થતા, લાગી આવતા પોતાની જાતે સુસાઈડ નોટ લખી પોતાના ખીસ્સામાં પ્લાસ્ટીકના કાગળમાં મુકી નહેરના પાણીમાં પડી મરણ ગયેલ હોય,જેથી આ કામના આરોપીઓએ મરણજનારને આપઘાત કરવા દુષ્પ્રેરણ કરી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી ઈન્ડીયન પીનલ કોડની કલમ– ૩૦૬, ૧૧૪ મુજબનો આક્ષેપ છે.

(૨૩) ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૬ માં જણાવવામાં આવેલ છે, તે ધ્યાનમાં લેવામાં આવે તો,

**<u>ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૬ આત્મહત્યામાં મદદગારી</u> :–**

–કોઈ વ્યકિત આત્મહત્યા કરે તો તેમ કરવાનું જે કોઈ વ્યકિતએ તેને

દુષ્પ્રેરણ કર્યુ હોય, તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને તે દંડને પાત્ર થશે.

–આ કલમમાં મદદગારી શબ્દ કલમ–૧૦૭ માં કરવામાં આવેલી વ્યાખ્યા પ્રમાણે સમજવાનો છે, તેના સંદર્ભમાં કલમ ૧૦૭ જોવામાં આવે તો :–

**<u>દુષ્પ્રેરણ બાબતે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૦૭ માં જણાવવામાં આવેલ છે કે</u>** '' જે વ્યકિત, –

**પહેલું –**કોઈ કૃત્ય કરવા માટે કોઈ બીજી વ્યકિતને ખોટી રીતે પ્રેરે, અથવા

**બીજું–** કોઈ કૃત્ય કરવા માટે બીજી એક કે વધુ વ્યકિતઓ સાથે કાવતરામાં સામેલ થાય, અને તે કાવતરાને અનુસરીને અને તે કરવા માટે કોઈ કૃત્ય કરવામાં આવે કે કરવાનું ગેરકાયદેસર રીતે ટાળવામાં આવે, અથવા

**ત્રીજું–** કોઈ કૃત્ય કરીને કે કરવાનું ગેરકાયદેસર રીતે ટાળીને કોઈ કૃત્ય કરવામાં ઈરાદાપુર્વક મદદ કરે,

તે વ્યકિત તે કૃત્યનું દુષ્પ્રેરણ કરે છે.

**સમજુતી–૧:** જેને જાહેર કરવા બંધાયેલી હોય તેવી મુદ્દાની હકીકતની જાણી બુઝીને ખોટી રજુઆત કરીને અથવા તેને જાણીબુજીને છુપાવીને કોઈ વ્યકિત કોઈ કૃત્ય કરે કે કરાવે અથવા કરવા કે કરાવવાની કોશિશ કરે, તે વ્યકિત તે કૃત્ય કરવા માટે ખોટી રીતે પ્રેરે છે એમ કહેવાય.

**સમજૂતિ–૨ :** કોઈ કૃત્ય કરતા પહેલા કે કરતી વેળા તે કરવાની જે કાર્ય કરવાની એની કાયદેસરની જવાબદારી છે તે કાર્ય કરવાનું ટાળીને, સરળતા કરી આપવા માટે જે કોઈ કંઈ કરે અને તેમ કરીને તે કૃત્ય કરવાનું સરળ બનાવે, તેણે તે કૃત્ય કરવામાં મદદ કરી કહેવાય.

**(૨૪)** સદર કેસમાં ફરીયાદપક્ષના આક્ષેપો અનુસંધાને, નામદાર ઉચ્ચ અદાલતનો રીર્પોટેડ ચુકાદો ક્રિમીનલ અપીલ નં. ૧૬૨૮/૨૦૨૨ **Mariano Anto Bruno & Anr. Vs. The Inspector of Police** જોવામાં આવે તો, નામદાર ઉચ્ચ અદાલતે આ ચુકાદામાં તેઓના વિવિધ ચુકાદાઓના પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈને એવુ ઠરાવેલ છે કે, "Mere allegation of harassment without any positive action, proximate to the time of occurence on the part of accused which led or compelled to the person to commit suicide is not enough for conviction u/s. 306 of IPC." અને નામ. ઉચ્ચ અદાલતે તેઓના આ ચુકાદામાં એવુ ઓબર્ઝવ કરેલ છે કે :–

24. While analyzing the provisions of Section 306 IPC along with the definition of abetment under Section 107 IPC, a two-Judge Bench of this Court in **Geo Varghese Vs. State of Rajasthan and Another** (2021 SCC OnLine SC 873) has observed as under:-

*“13. In our country, while suicide in itself is not an*

*offence as a person committing suicide goes beyond the reach of law but an attempt to suicide is considered to be an offence under Section 309 IPC. The abetment of suicide by anybody is also an offence under Section306 IPC. It would be relevant to set out Section 306 of the IPC which reads as under :-*

> "306. Abetment of suicide. —If any person commits suicide, whoever abets the commission of such suicide, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine."

*14. Though, the* ***IPC does not define the word 'Suicide' but the ordinary dictionary meaning of suicide is 'self-killing'. The word is derived from a modern latin word 'suicidium', 'sui' means 'oneself' and 'cidium' means 'killing'.*** *Thus, the word suicide implies an act of 'self-killing'. In other words, act of death must be committed by the deceased himself, irrespective of the means adopted by him in achieving the object of killing himself.*

15. Section 306 of IPC makes abetment of suicide a criminal offence and prescribes punishment for the same.

16. The ordinary dictionary meaning of the word 'instigate' is to bring about or initiate, incite someone to do something. This Court in the case of Ramesh Kumar Vs. State of Chhattisgarh has defined the word 'instigate' as under :-

> "Instigation is to goad, urge forward, provoke, incite or encourage to do an act."

17. The scope and ambit of Section 107 IPC and its co-relation with Section 306 IPC has been discussed repeatedly by this Court. In the case of **S.S.Cheena Vs. Vijay Kumar Mahajan and Anr,** ((2010) 12 SCC 190) , it was observed as under:-

> "Abetment involves a mental process of instigating a person or intentionally aiding a person in doing of a thing. Without a positive act on the part of the accused to instigate or aid in committing suicide, conviction cannot be sustained. The intention of the legislature and the ratio of the cases decided by the Supreme Court is clear that in order to convict a person under Section 306 IPC there has to be a clear mens rea to commit the offence. It also requires an active act or direct act which led the deceased to commit suicide seeing no option and that act must have been intended to push the deceased into such a position that he committed suicide."

25. The ingredients of Section 306 IPC have been extensively laid out in **M. Arjunan Vs. State** (2019) 3 SCC 315, represented by its Inspector of Police which are as under: -

> “The essential ingredients of the offence under Section 306 I.P.C. are: (i) the abetment; (ii) the intention of the accused to aid or instigate or abet the deceased to commit suicide. The act of the accused, however, insulting the deceased by using abusive language will not, by itself, constitute the abetment of suicide. There should be evidence capable of suggesting that the accused intended by such act to instigate the deceased to commit suicide. Unless the ingredients of instigation/abetment to commit suicide are satisfied, accused cannot be convicted under Section 306 I.P.C.”

26. In order to convict an accused under Section 306 IPC, the state of mind to commit a particular crime must be visible with regard to determining the culpability. With regard to the same, a two-judge bench of this Court in **Ude Singh & Ors. Vs. State of Haryana**(2019) 17 SCC 301 observed as under:-

> *“16. In cases of alleged abetment of suicide, there must be a proof of direct or indirect act/s of incitement to the*

*commission of suicide. It could hardly be disputed that the question of cause of a suicide, particularly in the context of an offence of abetment of suicide, remains a vexed one, involving multifaceted and complex attributes of human behavior and responses/reactions. In the case of accusation for abetment of suicide, the Court would be looking for cogent and convincing proof of the act/s of incitement to the commission of suicide. In the case of suicide, mere allegation of harassment of the deceased by another person would not suffice unless there be such action on the part of the accused which compels the person to commit suicide; and such an offending action ought to be proximate to the time of occurrence. Whether a person has abetted in the commission of suicide by another or not, could only be gathered from the facts and circumstances of each case.*

*16.1. For the purpose of finding out if a person has abetted commission of suicide by another; the consideration would be if the accused is guilty of the act of instigation of the act of suicide. As explained and reiterated by this Court in the decisions above- referred, instigation means to goad, urge forward, provoke, incite or encourage to do an act. If the persons who committed suicide had been hypersensitive and the action of*

*accused is otherwise not ordinarily expected to induce a similarly circumstanced person to commit suicide, it may not be safe to hold the accused guilty of abetment of suicide. But, on the other hand, if the accused by his acts and by his continuous course of conduct creates a situation which leads the deceased perceiving no other option except to commit suicide, the case may fall within the four-corners of Section 306 IPC. If the accused plays an active role in tarnishing the self- esteem and self-respect of the victim, which eventually draws the victim to commit suicide, the accused may be held guilty of abetment of suicide. The question of mens rea on the part of the accused in such cases would be examined with reference to the actual acts and deeds of the accused and if the acts and deeds are only of such nature where the accused intended nothing more than harassment or snap show of anger, a particular case may fall short of the offence of abetment of suicide. However, if the accused kept on irritating or annoying the deceased by words or deeds until the deceased reacted or was provoked, a particular case may be that of abetment of suicide. Such being the matter of delicate analysis of human behaviour, each case is required to be examined on its own facts, while taking note of all the surrounding factors having bearing on the actions and psyche of the accused and the deceased."*

38. This Court has time and again reiterated that before convicting an accused under Section 306 IPC, the Court must scrupulously examine the facts and circumstances of the case and also assess the evidence adduced before it in order to find out whether cruelty and harassment meted out to the victim had left the victim with no other alternative but to put an end to her life. It is also to be borne in mind that in cases of alleged abetment of suicide, there must be proof of direct or indirect acts of incitement to the commission of suicide. Merely on the allegation of harassment without their being any positive action proximate to the time of occurrence on the part of the accused which led or compelled the person to commit suicide, conviction in terms of Section 306 IPC is not sustainable.

42. It is well settled that the Courts ought to be extremely careful in assessing the facts and circumstances of each case and the evidence adduced in the trial for the purpose of finding whether the cruelty meted out to the victim had in fact induced her to end the life by committing suicide. Reference may be made to the judgment of a three-Judge Bench of this Court in **Ramesh Kumar Vs. State of Chhattisgarh**(2001) 9 SCC 618, wherein this Court set-aside the conviction of the accused for the offence under Section 306 IPC as ingredients of Section 306 IPC were not

satisfactorily proved. It was observed as under :-

> *“20. Instigation is to goad, urge forward, provoke, incite or encourage to do "an act". To satisfy the requirement of instigation though it is not necessary that actual words must be used to that effect or what constitutes instigation must necessarily and specifically be suggestive of the consequence. Yet a reasonable certainty to incite the consequence must be capable of being spelt out. The present one is not a case where the accused had by his acts or omission or by a continued course of conduct created such circumstances that the deceased was left with no other option except to commit suicide in which case an instigation may have been inferred. A word uttered in the fit of anger or emotion without intending the consequences to actually follow cannot be said to be instigation.*
>
> *21. In **State of West Bengal v. Orilal Jaiswal and Anr. (1994) 1 SCC 73,** this Court has cautioned that the Court should be extremely careful in assessing the facts and circumstances of each case and the evidence adduced in the trial for the purpose of finding whether the cruelty meted out to the victim had in fact induced her to end the life by committing suicide. **If it transpires to the Court that a victim***

***committing suicide was hypersensitive to ordinary petulance, discord and differences in domestic life quite common to the society to which the victim belonged and such petulance, discord and differences were not expected to induce a similarly circumstanced individual in a given society to commit suicide, the conscience of the Court should not be satisfied for basing a finding that the accused charged of abetting the offence of suicide should be found guilty."***

(emphasis supplied)

**(૨૫)** ઉપરોકત ઉચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ હાલના કેસના આક્ષેપો જોતા :–

(I) જો આરોપીઓ ધ્વારા મરણજનારને મરવા માટે ઈન્સ્ટીગેટ, પ્રોવેક કે ઈન્સાઈટ (incite) કરેલ છે?(એબેટમેન્ટ કરવામાં આવેલ છે.)

(II) જો મરણજનારને આરોપીઓના પોઝેટીવ એકટના કારણે કોઈ ચઢવણી કે ઉશ્કેરણી થયેલ હોય અને તેનો સીધો સંબંધ એટલે કે ત્યાર પછીનું કૃત્ય એટલ ે કે આત્મહત્યા કરવા માટે પ્રેરીત કરેલ છે.

(III) જો આરોપીઓનો હાલનો ગુન્હો કરવા માટે ગુનાહીત માનસ ધરાવતા હતા ? જેથી તેઓના કોઈ એકટીવ એકટ કે ડાયરેકટ

એકટના કારણે મરણજનારને આત્મહત્યા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો.

**(૨૬)** ઉપરોકત હકીકત નિર્ણિત કરવા માટે ફરીયાદપક્ષના પુરાવા જોવામાં આવે તો તેઓ તરફથી મુખ્ય ચાર સાહેદો, સાહેદ નં.૩ ફરીયાદી કૌશલ ગોવિંદભાઈ રબારી આંક–૨૦ થી, સાહેદ નં. ૪ ભરતભાઈ વિરમભાઈ રબારી આંક–૨૬ થી, સાહેદ નં. ૫ નેશાબેન કૌશલભાઈ રબારી આંક–૩૨ થી, સાહેદ નં. ૯ ભાવનાબેન ગોવિંદભાઈ રબારી આંક–૪૭ થી તપાસવામાં આવેલ છે.

**(૨૭)** જે સંદર્ભે, સૌ પ્રથમ સાહેદ નં.૩ ફરિયાદી કૌશલ ગોવિંભાઈ રબારીની આંક–૨૦ ની જુબાની જોવામાં આવે તો તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને ધંધાના કામે જરૂર પડતા આ કામના આરોપી નિલેશભાઈ પ્રજાપતિ પાસેથી રૂા.૫૦,૦૦૦/–, લાલજીભાઈ ગોકળભાઈ ભરવાડ પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/–, રોનક પટેલ પાસેથી રૂા.૫,૦૦,૦૦૦/–, જય સોની પાસેથી રૂા.૫૦,૦૦૦/– વ્યાજે લીધેલા. સદર ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓ પાસેથી તેઓના પિતાજીએ કોઈ નાણા લીધા ન હતા અને તેઓના પિતાજીએ આરોપીઓ પૈકી કોઈને ચેક લખી આપ્યા હોય કે નાણા લીધા બાબતનું કોઈ લખાણ કરી આપ્યુ હોય તેવું પણ બનેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૨૬ થી ભરતભાઈ વિરમભાઈ રબારીને તપાસેલા છે તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,

મરણજનાર ગોવિંદભાઈ તેઓના મોટાભાઈ છે અને તેઓ તેમના બાજુમાં રહે છે અને તેઓનો ભત્રીજો કૌશલ બનાવના પાંચ–છ વર્ષ પહેલા મકાન અને પશુપાલનનું કામ કરતો હતો અને તેઓના ભત્રીજાને લાલજી ભરવાડ, કમલેશ રબારી, નીલેશ પ્રજાપતિ, રોનક પટેલ, જય સોની સાથે પૈસાની લેવડ–દેવડ બાબતે તકરાર થતી હતી. સદર સાહેદે તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓના મરણજનાર ભાઈનાઓએ આરોપીઓ પાસેથી કોઈ નાણા લીધા ન હતા નાણા લ ેવાનો આક્ષેપ તેઓના ભત્રીજા કૌશલ ઉપર હતો. વધુમાં તેઓ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ જે કોઈ નાણાની માંગણી કરી તે કૌશલભાઈ જોડે કરેલી. વધુમાં આંક–૩૨ થી તપાસેલા સાહેદ નેહાબેન કૌશલભાઈ રબારીએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓના પતિને ધંધામાં પૈસાની જરૂર પડતા નડિયાદના નિલેશભાઈ પ્રજાપતિ પાસેથી રૂા.૫૦,૦૦૦/– ૫ ટકાના વ્યાજે, લાલજી ભરવાડ પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/– ૧૦ ટકાના વ્યાજે તથા વધુ પૈસાની જરૂર પડતા તેઓના સોનાના દાગીના રોનકભાઈ પટેલના ત્યાં મુકી રૂા.૫,૦૦,૦૦૦/– ૫ ટકાના વ્યાજે લીધેલા. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના સસરાએ આરોપીઓ પાસેથી કોઈ નાણા લીધેલા નહી અને તેઓના પતિએ આરોપીઓ પાસેથી ૫ ટકા અને ૧૦ ટકા

વ્યાજે નાણા લીધા હોય તે બાબતનું કોઈ લખાણ છે કે કેમ તેની મને ખબર નથી પરંતુ તેઓની પાસે આવું કોઈ લખાણ નથી. વધુમાં આંક–૪૭ થી મરણજનારના પત્ની ભાવનાબેન ગોવિંદભાઈ રબારીનાઓને તપાસેલા છે તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓનો દીકરો કૌશલ પશુપાલનનું કામ કરતો હતો અને તેણે નિલેશભાઈ તેમજ એક રબારી તથા એક ખેડાવાળા સોનીભાઈ તેમજ બીજા બે ઈસમો જેમાં એક લાલજીભાઈ જોડે પૈસા લીધેલા કેટલા લીધેલા તેની મને ખબર નથી. ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ પાસ ેથી તેઓના પતિએ કોઈ પૈસા લીધેલા નહી, આરોપીઓ પાસે જે કોઈ નાણાકીય વહીવટ હતો તે તેઓના દીકરાનો હતો. વધુમાં , સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા ત.ક.અમલદારને આંક–૭૦ થી તપાસેલા છે તેઓના પુરાવાની આરોપી નં.૪ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન ગુજરનાર સાથે આરોપીઓએ કોઈ લેવડદેવડ કરેલ હોય તેવુ ખુલેલુ નહીં તેમજ આરોપી નં. ૧ થી ૩ ના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન આરોપીઓ કે ફરીયાદી સાથે કોઈપણ પ્રકારની આર્થિક લેવડદેવડ થઈ હોય તે અંગેના કોઈ પુરાવા તેઓની તપાસ દરમ્યાન મળી આવેલા નહીં કે આવા કોઈ પુરાવા ફરીયાદીએ તેઓની સમક્ષ રજુ પણ કરેલા નથી.

૨૭.૧ આમ, ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદીએ આરોપીઓ

પાસેથી વ્યાજે નાણાં લીધેલા અને સદર નાણાં ચુકવી શકેલ ન હોય તેવી હકીકત જણાવેલ છે, જે અંગે ઉપરોકત સાહેદોના ફરીયાદપક્ષ ધ્વારા લ ેવામાં આવેલ પુરાવાની ચર્ચા કર્યા મુજબ કોઈ જગ્યાએ એવુ ફલિત થતુ નથી કે, ફરીયાદીના મરણજનાર પિતાએ આરોપીઓ પાસેથી કોઈ નાણાં વ્યાજે ઉછીના લીધેલ છે અને તે નાણાં ચુકવવામાં તેઓ અસમર્થ રહેલ છે. જેથી એવુ માનવાને કારણ રહે છે કે, આરોપીઓ અને મરણજનાર વચ્ચે પૈસાની કોઈ લેવડદેવડ થયેલ નથી અને મરણજનાર અને આરોપીઓ વચ્ચે કોઈ સીધો સંબંધ (direct nexus) જણાઈ આવતો નથી.

(૨૮) વધુમાં, ફરિયાદપક્ષના કેસ મુજબ આ કામના ફરિયાદી કૌશલભાઈ ગોવિં દભાઈ રબારીનાએ આ કામના આરોપીઓ પાસેથી વ્યાજે ઉછીના નાણા લીધેલા તેની ઉઘરાણી માટે આ કામના આરોપીઓ ફરિયાદીના ઘરે અવારનવાર આવતા હતા અને ટોર્ચર કરી પૈસાની ઉઘરાણી કરતા હોય, જેથી ફરિયાદીના પિતા ગોવિંદભાઈ નાઓને લાગી આવતા તેઓએ એક સ્યુસાઈડ નોટમાં આ કામના આરોપીઓના નામ લખી કેનાલમાં પડતુ મુકી આપઘાત કરેલ છે. તે અંગે ફરિયાદપક્ષના તપાસેલા ફરિયાદી કૌશલભાઈ ગોવિંદભાઈ રબારીની જુબાનીની ઉલટતપાસ જોવામાં આવે તો, આરોપીઓ તેઓના ઘરે આવ્યા હતા તે બતાવવા માટે તેઓની મૌખિક રજૂઆત સિવાય તેઓની આજુબાજુના પાડોશીઓનો પુરાવો તેઓની પાસે છે જે જરૂર પડયે રજૂ કરીશ. ત્યારબાદ

આ કામે આંક–૨૬ થી તપાસેલા ભરતભાઈ રબારીનો પુરાવો જોવામાં આવે તો, તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ તેમના ઘરે અવારનવાર આવતા હતા અને તેમના ભાઈને ધમકી આપતા હતા અને તેઓ તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, બનાવ સંબંધે અગાઉ પોલીસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ આપેલ નથી અને વધુમાં તેઓ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, આરોપીઓ બનાવના ચાર–પાંચ દિવસ પહેલા સાત થી આઠ રાત્રીના સમયે નાણાની ઉઘરાણી કરવા આવેલા. આરોપીઓ બબ્બેની ટોળીમાં નાણાની ઉઘરાણી કરવા આવતા હતા. આરોપીઓ નાણાની માં ગણી કરવા આવ્યા તે વારાફરતી આવેલા અને તેઓ આવ્યા તે વચ્ચે કલાક બે કલાકનું અંતર હતુ. આરોપીઓ આવ્યા ત્યારે તેઓના ઘરમાં બેઠેલો પરંતુ આરોપીઓ આવેલા તેની મને ખબર છે. વધુમાં આરોપી નં.૫ ના વિ.વ.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, કૌશલભાઈ અને આરોપીઓએ તેઓની હાજરીમાં પૈસાની લેવડદેવડ કરી હોય તેવું બનેલ નથી અને તેવું તેઓની જાણમાં પણ નથી, કૌશલભાઈને મદદ કરવી તે તેઓની ફરજમાં છે. કૌશલભાઈએ મને એવી હકીકત જણાવેલ છે કે, તેઓએ આ પાં ચ ઈસમો સાથે લેવડ–દેવડ કરી છે. એ વાત ખરી છે કે, કૌશલભાઈના જણાવ્યા સિવાયની કોઈ માહિતી મને ખબર નથી. આંક –૩૨ થી સાહેદ નેહાબેન કૌશલભાઈ રબારીનાએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે આ

કામના આરોપીઓ તેઓના ઘરે અવારનવાર ઉઘરાણી કરવા માટે આવતા હતા અને તે વખતે તેઓના સસરા સાથે તેઓને વાતચીત થતી અને ઓળખાણ થયેલી. તેઓના સસરા તેઓને જણાવતા હતા કે અમે પૈસા ચુકવી દઈશું. તેઓના સસરાને આવી રીતે ધમકી આપતા હોય તેઓ ઘરે આ બધી વાત અમને કરતા હતા તેવી હકીકત જણાવેલી છે અને ઉલટતપાસમાં પુછવામાં આવેલ સવાલ આરોપીઓ ધમકી આપતા તે બાબતે તેઓના સસરા ઘરે આવીને જાણ કરતા હતા તેના જવાબમાં જણાવેલ છે કે, આરોપીઓ તેઓના ઘરે આવતા હતા અને સાંજે જમવા બેસીએ ત્યારે તેઓના સસરા ધમકી આપેલાની વાત કરતા હતા. વધુમાં આરોપીઓ તેઓના ઘરે કઈ તારીખે અને કયારે આવ્યા તે બાબતે હું કહી શકું તેમ નથી.

૨૮.૧ આમ, ફરીયાદપક્ષ કેસના આક્ષેપ મુજબ હાલના આરોપીઓ ફરીયાદીના ઘરે અવારનવાર આવતા હતા અને પૈસાની ઉઘરાણી માટે ટોર્ચર કરી, ધાકધમકી આપતા હતા, જે અનુસધાને ઉપરોકત સાહેદોનો પુરાવો જોતા એવુ જણાઈ આવે છે કે, તેઓએ સદર હકીકત અંગે, એક સરખો (વર્ઝન) પુરાવો આપેલ નથી તથા અલગ અલગ અને વિરોધાભાસી પુરાવો આપેલ છે, તેમજ કઈ તારીખે, કયારે અને કેવી રીતે અને કેવા પ્રકારનો ત્રાસ હતો તેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી અને જનરલ એલીગેશન કરીને જણાવેલ છે કે, આરોપીઓ અવારનવાર આવતા હતા, ધાકધમકી આપતા હતા, પરંતુ

નામજોગ કયા આરોપીએ કયા પ્રકારની અને કેવી ધાક–ધમકી આપેલ હોય અને સતત ત્રાસ આપેલ હોય તેવુ જણાવેલ નથી. વધુમાં, ફરીયાદીની પત્નીએ તેઓની જુબાનીમાં એવુ જણાવેલ કે, તેના સસરા જમતી વખતે જણાવતા હતા કે, આરોપીઓ આવે છે અને તેમને ત્રાસ આપે છે, જે જોતા પણ ફરીયાદપક્ષના કેસ મુજબ જયારે ફરીયાદીની પત્ની અને મરણજનાર એક જ ઘરમાં રહેતા હોય તેમ છતાં ફરીયાદીના પત્નીને આરોપીઓ તેઓના ઘરે આવીને તેઓના ઘરનાઓને પૈસાની લ ેવડદેવડ અંગે ત્રાસ આપતા હોય તે અંગેની કોઈ જાત માહિતી ન હોય તેવુ માની શકાય તેમ નથી. વધુમાં, ફરીયાદપક્ષે ઉપરોકત હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા સદર કામે મરણજનારના આડોશી પાડોશીઓને તપાસવામાં આવેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આ કામના આરોપીઓ મરણજનારના ઘરે અવારનવાર જઈ માનસિક ત્રાસ આપી, દુષ્પ્રેરણ કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા સદર હકીકત પુરવાર કરવા માટે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. જેથી પણ ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી થાય છે.

(૨૯) વધુમાં, સદર કામે ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થન માટે આંક –૨૧ થી મરણજનારની સ્યુસાઈડ નોટ રજુ કરેલ છે, તેમાં એવુ લખાણ કરવામાં આવેલ છે કે, વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કરૂ છું અને સદર

કામના આરોપીઓના નામ તેમાં જણાવવામાં આવેલા છે. જે આંક–૨૧ થી રજુ કરેલ સ્યુસાઈડ નોટ ધ્યાને લેતા એવુ જણાઈ આવે છે કે, સદર સ્યુસાઈડ નોટમાં ફકત આરોપીઓના નામ જણાવવામાં આવેલ છે પરંતુ કયા આરોપી ધ્વારા કયારે અને કઈ તારીખે અને કેવા પ્ર કારનો ત્રાસ હતો અને કયા કારણસર ત્રાસ આપવામાં આવેલ હતો અને તેઓને આરોપી ધ્વારા સતત ત્રાસ આપવામાં આવતો હોવાથી તેઓ પાસે આપઘાત સિવાય કોઈ વિકલ્પ ન હતો તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. વધુમાં, સદર હકીકત અંગે રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, ફરીયાદી કે મરણજનાર ધ્વારા અગાઉ આ કામના આરોપીઓ વિરૂધ્ધ કોઈ ફરીયાદ પોલીસમાં કરવામાં આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી.વધુમાં, ઉપરોકત સદર જજમેન્ટના પેરા–૨૭.૧ માં ચર્ચા કર્યા મુજબ, જયારે મરણજનાર અને આરોપીઓ વચ્ચે કોઈ સીધો સંબંધ ન હોય ત્યારે આ કામના આરોપીઓએ મરણજનારને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ ધાકધમકી દબાણ આપેલ હોય કે કોઈ ઈરાદાપૂર્વક દુષ્પ્રેરણ કરેલ હોય કે જેના કારણે મરણજનાર પાસે આત્મહત્યા સિવાયનો બીજો કોઈ વિકલ્પ ન હતો તેવુ જણાઈ આવતુ નથી.

(૩૦) આમ, ઉપરોકત ફરીયાદપક્ષના સમગ્ર પુરાવાની વિસ્તૃત ચર્ચા કર્યા મુજબ તથા નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાઓના સિધ્ધાંતોને ધ્યાને લ ેતા, ફરીયાદપક્ષના સાહેદો તથા ફરીયાદીની જુબાની ઉપરથી આરોપીઓએ ઈ.પી.કોડની કલમ ૧૦૭ મુજબ મરણજનારને આત્મહત્યા

કરવા માટે ચઢવણી કરેલી હોય કે આત્મહત્યા કરવા માટે ઉશ્કેરણી કરેલી હોય કે તેઓને આત્મહત્યા કરવા માટે મજબુર કરેલ હોય તેવુ કોઈ જ સાહેદોની જુબાની ઉપરથી પ્રસ્થાપિત થતુ નથી. વધુમાં, ઈ.પી.કોડ કલમ–૩૦૬ મુજબનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા એવુ પુરવાર કરવુ પડે કે, કોઈપણ આરોપીઓ ધ્વારા ગુનાહીત માનસથી એવી કોઈ ચઢવણી કે ઉશ્કેરણી કે ઈરાદાપુર્વક સરળતા કરી આપી હોય અને તેનો સીધો સંબંધ એટલે કે ત્યાર પછીનું કૃત્ય એટલ ` કે આત્મહત્યા સાથે તેને કડી મળતી હોય તોજ તેવા સં જોગોમાં ઈ.પી.કોડ કલમ–૩૦૬ મુજબનું તહોમતનામુ પુરવાર થયેલાનું ગણી શકાય, પરંતુ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીઓ ધ્વારા મરણજનારને આત્મહત્યા કરવા માટે મદદગારી કરેલી હોય કે દુષ્પ્રેરણ કરેલ હોય કે ચઢવણી કરેલી હોય તેવી કોઈ હકીકત પ્રસ્થાપિત થતી નથી. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલો સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓ પાસેથી ફરીયાદીએ વ્યાજે નાણાં લીધેલ પરંતુ ફરીયાદીને ધંધામાં ખોટ આવવાના કારણોસર સદર નાણાં વાયદા પુરો થવા છતાં નાણાં ભરપાઈ કરી શકેલ નહીં, આ કામના આરોપીઓ એકબીજાના મિત્ર થતા હોય નાણા ધીરધારનું કામ કરતા હોય તેની ઉઘરાણી માટે આરોપીઓ કડક રીતે ધમકીઓ આપતા હોય, ફરીયાદીના ઘરે અવારનવાર જઈ ફરીયાદી તેમજ તેના મા–બાપ તથા ફરીયાદીના પત્નીને ગમેતેમ બોલી,

ધાકધમકીઓ આપી, મરણજનારને આત્મહત્યા કરવામાં દુષ્પ્રેરણ કરતાં હોય તે દુષ્પ્રેરણના કારણે ફરીયાદીના પિતા મરણજનાર ગોવિદભાઈએ એક સ્યુસાઈડ નોટ લખી તા. ૦૬/૦૩/૨૦૧૯ ના રોજ પાણીની કેનાલમાં પડી આપઘાત કરેલ હોય, અને આ કામના આરોપીઓએ મરણજનારને આપઘાત કરવા સારૂં દુષ્પ્રેરીત કરી, એકબીજાની મદદગારીમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ કરેલાનું નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૨ અંગે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકતો, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

(૧) સેશન્સ કેસ નં. **૧૦/૨૦૨૧** ના કામના આરોપીઓ નં.**(૧) લાલાભાઈ ઉર્ફે લાલજીભાઈ ગોબરભાઈ ભરવાડ,** રહે. હાલ જલારામ મંદિર પાછળ, વિજય લક્ષ્મી સોસાયટીની બાજુમાં, કપડવંજ રોડ, નડીયાદ. મૂળ રહે.બળોલ, તા. લીમડી, જી. સુરેન્દ્રનગર, **(૨) કમલેશભાઈ ઉર્ફે કમો હરીભાઈ રબારી,** રહે. ગુણાતી જયોત સોસાયટી, મકાન નં.૬૨, પવનચકકી રોડ, નડીયાદ, મૂળ રહે. બી.ઓ. રામજી મંદિર, રબારીવાસ, કાચ્છાઈ, તા. મહેમદાવાદ, જી.ખેડા, **(૩) રોનકભાઈ ઉર્ફે લાલુ પ્રમોદભાઈ પટેલ,** રહે.૪૨, સોંદર્યવીલા, સીવીલ રોડ, નડીયાદ, મૂળ રહે. શારદા મંદિર સ્કૂલ પાસે, બ્રાહમણી માતાની ખડકી સામે, લખાવાડ,

નડીયાદ.**(૪) જયકુમાર ઉર્ફે જય વસંતલાલ સોની,** રહે. ર૬, સોનીવાડ, તા.જી. ખેડા, **(૫) નિલેશભાઈ બળદેવભાઈ પ્રજાપતિ,**રહે.૩, રામેશ્વરપાર્ક, રામેશ્વર મંદિર પાછળ,વલ્લભનગર સામે, નડીયાદનાઓને ક્રિમિનલ પ્રોસી.કોડની કલમ–૨૩૫(૧) મુજબ તેઓની સામેના ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૬, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે થયેલ અકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓના અગાઉના જામીન ખત રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે પ્રત્યેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરાના) જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ:૧૮મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી,સહી કરી જાહેર કર્યો.

તા. ૧૮–૦૪–૨૦૨૬.
નડીઆદ.

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
બીજા એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ
સેશન્સ જજ, મુ.નડીઆદ.
**{code No.GJ01600}**

*Mishra